

Page 17


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 41, Dt. 16-06-2026 (TUESDAY) Rs. 02/- Page : 29, RNI No. GUJGUJ/2023/84789


**માસ્ટરસ્ટ્રોક** પાટીદાર મતબેંક પર નજર; ભાજપનો રાજકીય ગેમ પ્લાન શરૂ

# આ સ્નેહમિલન છે કે મત મિલન ?

## પ્રદેશ પ્રમુખની ટીમે કડવા પાટીદાર મૌલેશ ઉકાણીને ઘરે બેઠક કરી ભોજન પણ લીધું

### લેઉવા પાટીદાર



13 જૂને નરેશ પટેલ સાથે હર્ષ સંઘવીએ બંધ બારણે બેઠક કરી

### કડવા પાટીદાર



16 જૂને આજે મૌલેષ ઉકાણીના ઘરે પ્રદેશ હાઈકમાન્ડની બંધ બારણે બેઠક કરી











**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં વર્ષ ૨૦૨૭ની ચૂંટણી નજીક આવતાં રાજકારણ ગરમાયું છે અને ભાજપે હવે પાટીદાર કાર્ડ રમવાનું શરૂ કર્યું હોય તેવી ચર્ચાઓ જોર પકડી રહી છે. રાજકોટમાં ભાજપના પ્રદેશ નેતૃત્વે કડવા પાટીદાર અગ્રણી અને સિદસર ઉમિયાધામના પ્રમુખ મૌલેશ ઉકાણીના ઘરે જઈ ખાસ મુલાકાત લેતા રાજકીય હલચલ તેજ બની છે.


પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના દિગ્ગજ નેતાઓઅનિરુદ્ધ દવે, પ્રશાંત કોરાટ અને સાંસદ પરસોતમ રૂપાલાઉકાણી પરિવાર સાથે માત્ર બેઠક જ નહીં, પણ ભોજનનો કાર્યક્રમ પણ રાખતા રાજકીય સંદેશો સ્પષ્ટ જોવા મળ્યો. રસપ્રદ વાત એ છે કે થોડા જ દિવસો પહેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ખોડલધામના ચેરમેન નરેશ પટેલ સાથે મુલાકાત કરી હતી અને હવે સિદસર ઉમિયાધામ તરફ વળેલું નેતૃત્વઆ બધું એક જ દિશામાં સંકેત આપે છે.

પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આ અચાનક વધેલો “સમાજપ્રેમ” માત્ર ચૂંટણીલક્ષી વ્યૂહરચના છે? વર્ષો સુધી દૂર રહેલા સંબંધો હવે મતની ગણતરી નજીક આવતાં ફરી ગાઢ બનતા દેખાઈ રહ્યા છે. વિધાનસભાની આગામી ચૂંટણી પહેલા ભાજપે પાટીદારોને ફરી પોતાની તરફ આકર્ષવા માટે “માસ્ટર સ્ટ્રોક” ચલાવ્યો હોવાનો દાવો થઈ રહ્યો છે, પરંતુ શું મતદારો આ રાજકીય ચાલને સમજશે કે ફરી વિશ્વાસ કરશેતે આવનારો સમય જ કહેશે.

## રાજકોટમાં 3% વ્યાજની લાલચમાં કરોડોનું બૂચ

# જાડેજા બ્રધર્સ ઈન્વેસ્ટમેન્ટ પેઢીના ઉઠામણાં? ઓફિસે તાળા; લોકોના 20 કરોડ ફસાયા?

### જાડેજા પૃથ્વીરાજસિંહે પોલીસમાં અરજી પણ કરી હતી


સરલ (આર્થિક શાખા) પોલીસ કમિશ્નર કચેરી રાજકોટ શહેર
તા:: ૦૧/૦૬/૨૬
સ:: ૧૧:૪૧

ફરીયાદી : પુષ્પરાજસિંહ મયુરસિંહ જાડેજા
ગાયત્રીનગર–૩/૧૧ ખુણો,
રાજકોટ.
મો.નં. ૯૭૨૬૮ ૦૦૦૦૧

પ્રતિશ્રી,
પોલીસ ~~ઈન્સ્પેક્ટર~~ ડી.સી.પી. સાહેબશ્રી,
આર્થિક ગુન્હા નિવારણ શાખા,
રાજકોટ.

બાબત : અમારી મરણ મુડી સમાન રોકડ રકમ પચાવી પાડવા અંગે.

મહે. સાહેબશ્રી,

સવિનય જયભારત સાથ જણાવવાનું કે, અમારી હાલની આ ફરીયાદની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

અમો ઉપરોકત સરનામે રહીએ છીએ અને અમો અમારા પરિવારમાં માત્ર એક જ કમાનાર વ્યકિત છીએ.

અમો તથા આ કામના તહોમતદાર રાજદિપસિંહ ભરતસિંહ જાડેજા, રહે. 'આશાપુરા નિવાસ', ભવનાથનગર–૨, રેલ્વે લાઈન સામે, મુ. ગોંડલ, જિલ્લો : રાજકોટ (મો.નં. ૭૭૭૯૦ ૨૦૬૦૦, ૯૪૯૯૯ ૩૦૯૯૯) વાળા (આધાર કાર્ડ નં. ૯૭૪૮ ૪૮૧૫ ૭૦૫૩) અમો બંને ખુબજ સારા મિત્રો હતા અને અમોને તેઓની ઉપર ખુબજ વિશ્વાસ અને ભરોસો હતો. રાજદિપસિંહ ભરતસિંહ જાડેજા દ્વારા 'જાડેજા બ્રધર્સ ગ્રેઈન સર્વિસ પ્રા.લી.' કંપની દ્વારા રોકાણની સ્કીમ જાહેર કરેલ જેમાં માસિક ૩% વળતર આપવા જણાવેલ અને તે બાબતે વિડીઓ બનાવી તેઓના દ્વારા પ્રચાર કરવામાં આવેલ. રાજદિપસિંહ ભરતસિંહ જાડેજા અમારા સારા મિત્ર હોઈ તેઓએ અમોને આ સ્કીમમાં રોકાણ કરાવેલ અને અમોએ આ સ્કીમમાં રૂા. ૬૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બાંસઠ લાખ પુરા) નું રોકાણ કરેલ તે મુજબ અમોએ રાજદિપસિંહ ભરતસિંહ જાડેજાને રૂા. ૬૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બાંસઠ હજાર પુરા) આપેલ છે. જે રકમ પૈકી રૂા. ૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ લાખ પુરા) ની પ્રોમીસરી નોટ તા. ૦૩/૦૪/૨૦૨૫ ના રોજ અમદાવાદ મુકામે નોટરી રૂબરૂ કરી આપેલ છે.




### 16મી જાન્યુઆરીએ દામીની નામની યૂવતીએ પોલીસ ફરિયાદ કરી હતી તેના 10 લાખ રૂપિયા હતા

## રોકાણ કરનાર લોકોને નફાનું ચૂકવણું નહીં કરાતા આખો ભાંડાફોડ થયો

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં મોટું આર્થિક કૌભાંડ બહાર આવતાં હડકંપ મચી ગયો છે. જાડેજા બ્રધર્સ નામની ઈન્વેસ્ટમેન્ટ પેઢી સામે કરોડો રૂપિયાના બૂચના ગંભીર આરોપો લાગ્યા છે. દર મહિને 3% વ્યાજની લાલચ આપી સામાન્ય લોકોને ફસાવ્યા બાદ સંચાલકો ઓફિસ પર તાળાં મારી ગાયબ થઈ ગયાની ચર્ચા જોર પકડી રહી છે.

ફરિયાદી પુષ્પરાજસિંહ જાડેજાએ પોલીસ મથકે લેખિત અરજી આપીને ખુલાસો કર્યો છે કે ભ્રામક જાહેરાતો અને






ઊંચા નફાના વાયદાઓ દ્વારા અનેક લોકોને સ્કીમમાં જોડવામાં આવ્યા હતા. પ્રાથમિક અંદાજ મુજબ આ કૌભાંડ ૧૫ થી ૨૦ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

રોકાણકારો હવે ધક્કા ખાતા ફરતા થયા છે અને પોતાની મહેનતની કમાણી પાછી મળશે કે નહીં તે અંગે ભયમાં છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ જ જૂથ સામે અગાઉ પણ પોલીસ ફરિયાદ નોંધાઈ ચૂકી હોવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. આ કારણે પોલીસની ભૂમિકા પણ સવાલોના ઘેરામાં આવી છે.

સ્થાનિક લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને માંગ ઉઠી રહી છે કે આ સમગ્ર મામલો તાત્કાલિક આર્થિક ગુના શાખાને સોંપી દોષિતોને ઝડપીને કડક સજા કરવામાં આવે. હાલમાં શહેરમાં એક જ ચર્ચા છે. "કેટલા લોકોનો પેસો ફસાયો છે અને જવાબદારો ક્યારે ઝડપાશે?"




# બાલાજી થાળમાં મોંઘી ડીશ ચેકીંગમાં લોટમાં ધનેડા નીકળ્યા!

## વેસ્ટઝોનમાં આવેલી પ્રખ્યાત બાલાજી થાળ હોટલમાં ફૂડ સેફ્ટીનું ચેકિંગ

### 150 કિલ્લો જથ્થાનો નાશ; 50 કિલો પૂરણપૂરીનો વાસી મસાલો : સંચાલકોનો લૂલો બચાવ

**સિટી ન્યૂઝ@રાજકોટ**


રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા ૧૬ જૂનના રોજ સતત બીજા દિવસે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફૂડ સેફ્ટી ઓફિસર રાજુલ પરમારની આગેવાની હેઠળની ટીમે ૧૫૦ ફૂટ રિંગરોડ પર રૈયા ચોકડી પાસે વેસ્ટ ગેટમાં આવેલી પ્રખ્યાત 'બાલાજી થાળ' હોટેલમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ગ્રાહકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થતા હોવાનો પર્દાફાશ થયો છે.


'બાલાજી થાળ' હોટેલ બહારથી ખૂબ જ હાઈજિનિક અને સ્વચ્છ લાગતી હતી, પરંતુ અંદર કિચન અને સ્ટોરેજ એરિયામાં ગંભીર બેદરકારીઓ જોવા મળી હતી. હોટેલના સ્ટોરેજમાં રહેલા રસોઈ માટે વપરાતા લોટ (આટા) માં ધનેડા જેવી જીવાત જોવા મળી હતી. આ ઉપરાંત, મસાલાના પેકેટ્સ પર કોઈ પણ પ્રકારની મેન્યુફેક્ચરિંગ કે એક્સપાયરી ડેટ લખેલી નહોતી. આવા શંકાસ્પદ અને પડતર મસાલાનો ઉપયોગ ભોજનમાં થતો હોવાનું ખુલ્યું હતું.











ફૂડ વિભાગની ટીમે હોટેલના ફ્રિજમાં તપાસ કરતા ૫૦ કિલો પુરણપોળીનો વાસી મસાલો, અન્ય પ્રિપેર્ડ ફૂડ અને ચટણીઓનો વાસી જથ્થો પણ જપ્ત કર્યો હતો. ફૂડ સેફ્ટી ઓફિસર રાજુલ પરમારે જણાવ્યું હતું કે, હોટેલમાંથી અંદાજે ૧૦૦ થી ૧૫૦ કિલો જેટલો વાંધાજનક અને અખાદ્ય ચીજવસ્તુઓનો જથ્થો મળી આવ્યો હતો, જેનો સ્થળ પર જ નાશ કરી ડિસ્કાર્ડ કરવામાં આવ્યો છે.

આટલી મોટી બેદરકારી પકડાવા છતાં બાલાજી થાળના માલિક પૃથ્વીરાજસિંહ ઝાલાએ લૂલો બચાવ કરતા જણાવ્યું હતું કે, "સામાન્ય રીતે સ્ટોરમાં જે માલ આવે છે તે તુરંત ચેક નથી કરવામાં આવતો, પરંતુ કિચનમાં લાવતી વખતે સ્ટાફ તેને સાફ કરે છે જેથી જીવાત નીકળી જાય." તેમણે વધુમાં કહ્યું કે તેઓ ૪૦ વર્ષથી હોટેલ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા છે અને રોજની ૩૦૦ થી ૩૫૦ થાળી વેચાય છે. દર ૧૫ દિવસે નવો માલ આવતો હોવાથી પડતર વસ્તુનો સવાલ જ નથી અને ભવિષ્યમાં સપ્લાયરને કડક સૂચના આપવામાં આવશે.

ફૂડ વિભાગે વેપારીને નોટિસ આપી ૧૦૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ્યો છે. હોટેલમાં ગ્રાહકો પાસેથી ૧ થાળીના ૩૬૦ રૂપિયા જેટલો મોટો ચાર્જ વસૂલવામાં આવે છે, તેમ છતાં આવો જીવાતવાળો અને વાસી ખોરાક પીરસાતો હોવાથી લોકોમાં ભારે રોષ છે. આવા અખાદ્ય ખોરાકથી ફૂડ પોઈઝનિંગનું જોખમ રહેલું છે. ગઈકાલે જ મેયરે કડક કાર્યવાહીના સંકેતો આપ્યા હતા, ત્યારે આરોગ્ય સાથે રમત રમતા આવા રેસ્ટોરન્ટને માત્ર દંડ પૂરતું સીમિત રાખવાને બદલે સીલ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

### સેમ્પલ લીધા, રિપોર્ટ ક્યાં ગયો ? રાજકોટમાં ફૂડ વિભાગ પર ઉઠ્યા ગંભીર સવાલ

# રિલાયન્સ મોલનો શંકાસ્પદ લોટ

## 425 દિવસ થયા રિપોર્ટ હજુ નથી આવ્યો !

**રિલાયન્સ મોલનો લોટ અને ગાયબ રિપોર્ટ ? શું ચાલી રહ્યું છે પડદા પાછળ ? તંત્ર કોને બચાવી રહ્યું છે**




**તુષાર પાનેરીની આરોગ્ય મંત્રી સુધી ફરિયાદ**

**25 એપ્રિલના રોજ નોંધાયેલી ફરિયાદના Complaint No. 25142274**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગર પાલિકાના ફૂડ વિભાગની કામગીરી ફરી એકવાર સવાલોના ઘેરામાં આવી છે. શહેરમાં અખાદ્ય અને ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો સામે કડક કાર્યવાહી કરવાની જાહેરાત વચ્ચે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં એપ્રિલ ૨૦૨૫માં લેવામાં આવેલ લોટના સેમ્પલનો રિપોર્ટ આજે સવા વર્ષ બાદ પણ જાહેર થયો નથી.

ફરિયાદી દ્વારા મળતી માહિતી મુજબ, તેઓ રાજકોટના રિલાયન્સ મોલમાં ખરીદી કરવા ગયા ત્યારે ગ્રોસરી વિભાગમાં છૂટક ચણા અને ઘઉંના લોટ સસ્તા દરે વેચાતા જોવા મળ્યા હતા. પરંતુ લોટમાંથી અસામાન્ય દુર્ગંધ આવતાં શંકા ઉભી થઈ હતી. સામાન્ય લોકો સસ્તા દરના લાલચમાં આવી આવા લોટનો ઉપયોગ કરે તો તેમના આરોગ્ય પર ગંભીર અસર થઈ શકે તેવી ભીતિ સાથે ફરિયાદીએ બીજા જ દિવસે રાજકોટ મહાનગર પાલિકામાં લેખિત રજૂઆત કરી હતી.

આ રજૂઆતના આધારે ફૂડ વિભાગ દ્વારા લોટના સેમ્પલ લેવામાં આવ્યા અને લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આજદિન સુધી આ સેમ્પલનો રિપોર્ટ જાહેર થયો નથી. ફરિયાદીએ અનેકવાર મુખ્ય આરોગ્ય અધિકારી ડો. જયેશ વાકાણીનો સંપર્ક કર્યો હોવા છતાં દર વખતે “રિપોર્ટ હજુ આવ્યો નથી” એવો જ જવાબ મળતો રહ્યો છે.

આ મામલે હવે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે કે શું ખરેખર સવા વર્ષ સુધી લેબોરેટરી રિપોર્ટ અટકી શકે? કે પછી પરદા પાછળ કોઈ ગોટાળો ચાલી રહ્યો છે? જો રિપોર્ટ આવ્યો નથી તો તંત્રની કાર્યક્ષમતાની સામે સવાલ ઊભો થાય છે, અને જો રિપોર્ટ આવી ગયો હોવા છતાં જાહેર કરવામાં વિલંબ થાય છે તો પારદર્શિતાને લઈને શંકા ગાઢ બને છે.

વિશેષમાં, રાજકોટ મહાનગર પાલિકા દ્વારા તાજેતરમાં જ એક વર્ષ સુધી અખાદ્ય ખોરાક સામે કડક ડ્રાઇવ ચલાવવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે આ પ્રકારના કેસો તંત્રની વાસ્તવિક કામગીરી પર પ્રશ્નચિહ્ન મૂકે છે.

ફરિયાદી દ્વારા ૨૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ નોંધાવેલી ફરિયાદ (Complaint No. ૨૫૧૪૨૨૭૪)નો ઉલ્લેખ કરતા તેમણે રાજ્યના આરોગ્ય મંત્રીને આ મામલે તાત્કાલિક તપાસના આદેશ આપવા અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

હાલમાં આ સમગ્ર ઘટનાએ શહેરમાં ચર્ચાનો વિષય બનતા લોકોમાં એક જ પ્રશ્ન ઉઠી રહ્યો છેશું ખાદ્ય સુરક્ષા માત્ર જાહેરાતો સુધી મર્યાદિત છે કે વાસ્તવમાં પણ અમલ થાય છે?



પાવર કટ્ટ; આરોગ્ય વિભાગ પાસે સત્તા જ નથી

# દરોડા કે ડ્રામા ? રાજકોટ આરોગ્ય વિભાગની શંકાસ્પદ ભૂમિકા ?

**દરોડો પાડે ત્યારે અધિકારીઓને ખ્યાલ હોય છે ખોરાક વાસી છે તો કેમ નાશ કરવામાં આવે છે મોટા ભાગના દરોડામાં લેબમાં સેમ્પલ કેમ નથી મોકલતા ? કારણ શું ?**

**કોઈ પણ રેસ્ટોરન્ટ કે હોટલમાં વાસી ખોરાક ઝડપાય છે તો દંડની પહોંચ સોલિડ વેસ્ટ અથવા મેલેરિયા વિભાગની પહોંચ કેમ આપવામાં આવે છે ?**

ગઈકાલનું ઉદાહરણ

## પાપા લૂઈસ પિઝામાં મરેલા વંદા-ધનેડા મળ્યા કર્યું શું : ઠન-ઠન ગોપાલ




રાજકોટ મહાપાલિકાની આરોગ્ય વિભાગની ટીમે ગઈકાલે રામકૃષ્ણ મેઈન રોડ પર આવેલા પાપા લુઈઝ પિઝા રેસ્ટોરન્ટમાં તપાસ કરી તો રસોડામાંથી ગંદકી જોવા મળી હતી આ ઉપરાંત બ્રેડમાં ફૂગ લાગી હતી અને ધનેડા અને આઈસ્ક્રીમમાં મરેલા વંદા જોવા મળ્યા હતા. માત્ર ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારી ખાદ્ય પદાર્થોનો નાશ કરી નોટિસ અપાઈ.

## પાપા લુઈસ પિઝાની 24 કલાક પછી પણ પ્રેસનોટ રિલિઝ કરી નથી

**બાકી દરોડા બાદ એક-બે કલાકમાં પ્રેસનોટ આપતા તંત્રએ આમા કેમ વાર લગાડી ?**

અત્યાર સુધી એવું જ કહ્યું કે ૧૦,૦૦૦નો દંડ કર્યો છે સિટી ન્યૂઝે સતત કહ્યું કે લેબમાં રિપોર્ટ મોકલ્યો કે નહીં પછી અધિકારીએ આજે બપોરે ૧ વાગ્યે કહ્યું સેમ્પલ લઈ રિપોર્ટ માટે મોકલ્યો છે.

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાપાલિકાના આરોગ્ય વિભાગની કામગીરી પર હવે સવાલો ઊભા થઈ રહ્યા છે. શહેરમાં હોટેલ અને રેસ્ટોરન્ટોમાં દરોડા પાડવામાં આવે છે, વાસી અને અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવે છે, પરંતુ આ સમગ્ર કાર્યવાહી માત્ર દેખાવ પૂરતી તો નથી ને? એવી ચર્ચા જોર પકડતી જાય છે.

માહિતી મુજબ, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ જો ખોરાક અખાદ્ય કે માનવ માટે હાનિકારક હોય, તો તેના નમૂનાઓ લઈ લેબોરેટરી તપાસ માટે મોકલવા જોઈએ. પરંતુ મોટાભાગના કેસોમાં એવું જોવા મળે છે કે ખોરાકનો સીધો નાશ કરી દેવામાં આવે છે અને સેમ્પલ લેવામાં આવતા નથી. જેના કારણે આગળની કાયદેસર કાર્યવાહી અને દંડની પ્રક્રિયા અટકી જાય છે.

સ્થાનિક સ્તરે ચર્ચા છે કે અધિકારીઓને ખોરાક વાસી હોવાનું જાણ હોવા છતાં માત્ર નાશ કરીને મામલો સમાપ્ત કરવામાં આવે છે. પરિણામે, રેસ્ટોરન્ટ અથવા હોટેલ સામે કડક પગલાં લેવામાં આવતા નથી અને તેઓ ફરી એ જ ભૂલો દોહરાવે છે.

વિશેષમાં, ફૂડ વિભાગ પાસે સીધી દંડ ફટકારવાની મર્યાદિત સત્તા હોવાને કારણે ઘણીવાર અન્ય શાખાઓ, જેમ કે સોલિડ વેસ્ટ અથવા મેલેરિયા વિભાગને જોડીને સામાન્ય ગંદકી કે સ્વચ્છતા મુદ્દે દંડ કરવામાં આવે છે. જ્યારે ખોરાકની ગુણવત્તા જેવા ગંભીર મુદ્દા પર કડક કાર્યવાહી માટે જરૂરી સેમ્પલ પ્રક્રિયા પાછળ રહી જાય છે.

આ પરિસ્થિતિને લઈને સવાલ ઊભો થાય છે કે શું શહેરમાં ખોરાક સુરક્ષા મુદ્દે સંપૂર્ણ પારદર્શિતા છે કે પછી પરદા પાછળ કંઈક બીજું જ ચાલી રહ્યું છે? જો નિયમ મુજબ સેમ્પલ લેવામાં આવે અને લેબોરેટરી રિપોર્ટ આધારે કાર્યવાહી થાય, તો જ દોષિતો સામે કડક પગલાં શક્ય બને.

હાલમાં, “સમજદાર માટે ઈશારો પૂરતો” જેવી સ્થિતિ વચ્ચે શહેરવાસીઓમાં ચિંતા વધી રહી છે કે ખાદ્ય સુરક્ષા માત્ર કાગળો પૂરતી રહી ગઈ છે કે શું?

## સુરત ડિમોલીશન અને ખેડૂત આંદોલન પ્રશ્ને જવાબ દેવાનું ટાળ્યું

# સવાલોથી ભાગતા નેતા ?







## રાજકોટ મીડિયા સામે ભાજપ પ્રદેશ અધ્યક્ષનું મૌન !



# કાર્યાલય મહામંત્રી ઢોલરિયાનો રોફ



# મીડિયાને કહ્યું ગેટ આઉટ ?






**સિટી ન્યૂઝ@રાજકોટ**

સુરત ડિમોલીશન અને ખેડૂત આંદોલન જેવા ગરમ મુદ્દાઓ વચ્ચે રાજકોટમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની મુલાકાત દરમિયાન એક અનોખું દ્રશ્ય સામે આવ્યુંજ્યાં સવાલ પૂછતા જ નેતાશ્રીએ મૌન ધારણ કરી લીધું!

ભાજપ કાર્યાલય ખાતે પદાધિકારીઓ સાથે બેઠક માટે આવેલા પ્રદેશ અધ્યક્ષે મીડિયા સાથે સીધી વાતચીત ટાળી દીધી, એટલું જ નહીં, પત્રકારોને અંદર પ્રવેશ પણ આપવામાં આવ્યો નહીં. સામાન્ય રીતે પોતાની પ્રશંસા માટે કેમેરા સામે આગળ આવતાં નેતાઓ આજે સવાલોના સામનો કરતા કેમ પાછળ હટી ગયા? આ સવાલ હવે જનતા પૂછે છે.



સુરતમાં થયેલા ડિમોલીશન મામલે અધિકારીઓની સંડોવણીની ચર્ચા ગરમ છે, જ્યારે બીજી તરફ ખેડૂતોના આંદોલનને લઈને પણ અસંતોષ વધી રહ્યો છે. આવા સંજોગોમાં પ્રદેશ અધ્યક્ષનું મૌન અનેક શંકાઓ ઊભી કરે છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે શું સવાલો એટલા અસ્વસ્થ કરનાર હતા કે જવાબ આપવો મુશ્કેલ બની ગયો? કે પછી કોઈ મોટી હકીકત બહાર ન આવી જાય તે માટે મૌન જ એકમાત્ર રસ્તો પસંદ કરવામાં આવ્યો?

હાલ માટે એક જ સવાલ ગુંજાઈ રહ્યો છે“વાહ-વાહ માટે કેમેરા સામે આવતા નેતાઓ, સવાલો સામે કેમ ચૂપ થઈ જાય છે?”

**» પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્માએ રાજકોટ ભાજપને કહ્યું તમારું વાણી વર્તન યોગ્ય હોવું જોઈએ તમારી એક ભૂલ પક્ષને નુકસાન પહોંચાડે !**

# અમરેલી વિસ્તારમાં સિંહનો આતંક લોકોમાં દહેશતનો માહોલ

### અમરેલીના જૂનાસાવર ગામની ઘટના

## 8 દિવસથી ગુમ ખેડૂતના હાડકાં મળતા હાહાકાર



## દિપડો–કે સિંહ હૂમલો કરી તેમને ફાડી ખાધાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે

સિટી ન્યૂઝ@અમરેલી

અમરેલી જિલ્લામાં ફરી એકવાર માનવ અને વન્યજીવ સંઘર્ષની અત્યંત ચોંકાવનારી અને શંકાસ્પદ ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ભય અને ચકચારનો માહોલ વ્યાપી ગયો છે. સાવરકુંડલા તાલુકાના જુનાસાવર ગામની સીમમાં છેલ્લા ૮ દિવસથી રહસ્યમય રીતે ગુમ થયેલા એક સ્થાનિક ખેડૂતના જ ખેતરમાંથી લોહીલુહાણ કપડાં, માનવ હાડકાના ટુકડા અને ખેડૂતનો મોબાઈલ મળી આવતા અરેરાટી ફેલાઈ ગઈ છે. ઘટના સ્થળેથી મૃતદેહને ઢસડ્યો હોવાના ઘસડાવાના નિશાનો પણ મળી આવ્યા છે, જેના કારણે પ્રાથમિક દ્રષ્ટિએ સિંહ અથવા દીપડા જેવા કોઈ હિંસક વન્યપ્રાણીએ ખેડૂત પર હુમલો કરીને તેમને ફાડી ખાધા હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

જુનાસાવર ગામના વતની દિલીપભાઈ વાઘજીભાઈ દેસાઈ નામના ખેડૂત ગત આઠ દિવસથી પોતાના ઘરેથી વાડીએ જવાનું કહીને નીકળ્યા હતા, ત્યારબાદ તેઓ ગુમ થયા હતા. પરિવારજનો અને સ્નેહીઓ દ્વારા તેમની શોધખોળ કરવામાં આવી રહી હતી, પરંતુ આજે તેમના જ ખેતરમાંથી શંકાસ્પદ હાલતમાં વસ્તુઓ મળી આવતા મામલો બિચક્યો હતો. સીમમાં દિલીપભાઈનું ટ્રેક્ટર બિનવારસી હાલતમાં ઊભું હતું અને તેની આસપાસથી લોહીથી ખરડાયેલા કપડાં, બૂટ-ચપ્પલ, કોદાળી તેમજ શરીરના કેટલાક હાડકાના અવશેષો મળી આવ્યા હતા.





### અમરેલીના કેવાચા ગામની હૃદયદ્રાવક ઘટના

## સિંહણે યુવક પર હૂમલો કરી માથું ધડથી અલગ કર્યુ



## સિંહણ આખુ શરીર ખાઈ ગઈ; પાસંળીના ટુકડા મળ્યા

સિટી ન્યૂઝ@અમરેલી

ગુજરાતના સિંહોના વસવાટ ધરાવતા અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીકથી એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી હતી. અહીં એક સિંહે પરપ્રાંતીય યુવક પર ઘાતકી હુમલો કરી તેને પોતાનો શિકાર બનાવ્યો હતો. આ હિંસક આક્રમણમાં સિંહ યુવકનું આખું શરીર ખાઈ ગયો હતો અને ઘટનાસ્થળેથી માત્ર અડધું ખાધેલું માથું અને પાંસળીના ટુકડા જ મળી આવ્યા હતા. જેને લઈ સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ભય અને રોષનો માહોલ વ્યાપી ગયો છે. મૃતક યુવકની ઓળખ પ્રકાશ ચંદ્ર તરીકે થઈ હતી, જે મૂળ ઉત્તરાખંડના પિથૌરાગઢનો વતની હતો અને સ્થાનિક હોટલ-રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો. મોડી રાત્રે પ્રકાશ ચંદ્ર પોતાના વતન જવા માટે હોટલેથી નીકળ્યો હતો, તે દરમિયાન કોવાયા ગામ નજીક અંધારામાં ટાંપ લગાવીને બેઠેલી સિંહે તેના પર ઓચિંતો અને જીવલેણ હુમલો કર્યો હતો.

### વેપાર ઠપ : નાના વેપારીઓની વધતી મુશ્કેલી

# રાજકોટમાં છૂટ્ટા પૈસાની તંગી !



## રિટેલ માર્કેટમાં પરચૂરણની ગંભીર અછત : સરકાર તાત્કાલિક નિર્ણય લે : મયૂર શાહ




**રૂપિયા 5, 10, 20ના સિક્કા કે નોટો બેંકમાં પણ નથી !**

**નાના વેપારીઓ, રિક્ષાચાલકો, લારી-ગલ્લા વાળા અને સામાન્ય જનતાને રોજબરોજના વ્યવહારમાં ભારે હાલાકી**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત સહિત દેશભરના રિટેલ માર્કેટમાં છૂટ્ટા પૈસા, સિક્કા અને નાની નોટોની અછત એક ગંભીર સમસ્યા બની રહી હોવાનું રાજકોટ કોંગ્રેસ શહેર સમિતિના મંત્રી મયુર શાહે જણાવ્યું છે. તેમણે સરકારને આ મુદ્દે તાત્કાલિક પ્રજાલક્ષી નિર્ણય લેવા અપીલ કરી છે.

મયુર શાહે જણાવ્યું હતું કે આ સમસ્યાનો સીધો પ્રભાવ સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓ પર પડી રહ્યો છે. શાકભાજી વેચાણકારો, પાન-ચાની લારીઓ, દૂધ વિક્રેતાઓ, ઓટો-રિક્શા ચાલકો સહિત રિટેલ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો રોજિંદા વ્યવહારોમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે.



તેમણે જણાવ્યું કે ઘણી વખત ગ્રાહક પાસે મોટી નોટ હોય છે અને વેપારી પાસે પરચૂરણ ન હોવાને કારણે વ્યવહારમાં વિલંબ થાય છે. પરિણામે ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે બોલાચાલી અને તણાવ જેવી પરિસ્થિતિ પણ સર્જાય છે, જે ચિંતાજનક છે.

ડિજિટલ ઈન્ડિયાના યુગમાં પણ દેશના મોટા ભાગના વિસ્તારોમાં રોકડ વ્યવહારનું પ્રમાણ હજુ પણ નોંધપાત્ર છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો અને નાના શહેરોમાં નાની નોટો અને સિક્કાઓની અછત વેપાર અને રોજિંદા જીવનને અસર કરે છે.

મયુર શાહે સરકારને અપીલ કરી છે કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અને જાહેર ક્ષેત્રની બેન્કો સાથે સંકલન કરીને તમામ બેન્ક શાખાઓમાં ૧૦, ૨૦, ૫૦ અને ૧૦૦ની નોટો તેમજ સિક્કાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવામાં આવે. સાથે જ વેપારીઓ માટે વિશેષ પરચૂરણ કાઉન્ટર શરૂ કરવા અને નાની નોટોનું નિયમિત વિતરણ વધારવા જેવા પગલાં લેવા જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું કે અનેક બેન્કોમાં ગ્રાહકોને નાની નોટો આપવા અનિચ્છા દર્શાવવામાં આવે છે, જે બાબત ગંભીર છે. આ અંગે સરકાર અને આરબીઆઈએ કડક માર્ગદર્શન આપીને બેન્કિંગ તંત્રને વધુ જવાબદાર બનાવવું જોઈએ.

તેમના જણાવ્યા મુજબ, છૂટ્ટા પૈસાની સમસ્યા માત્ર નાણાકીય નહીં પરંતુ સામાજિક અને વ્યવહારિક પ્રશ્ન પણ છે. જો આ સમસ્યાનું યોગ્ય નિરાકરણ લાવવામાં આવે, તો બજારમાં વ્યવહારો સરળ બનશે અને ગ્રાહકો તથા વેપારીઓ વચ્ચેનો તણાવ ઘટશે.

અંતમાં તેમણે રાજ્ય અને કેન્દ્ર સરકારને આ મુદ્દે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવા અપીલ કરી છે, જેથી સામાન્ય નાગરિકોને રોજિંદી મુશ્કેલીઓમાંથી રાહત મળી શકે.

## રિલય એસ્ટેટમાં મોંઘવારી; 50 લાખનું ઘર ઉપર 5 લાખ વધુ ખર્ચવા પડશે

# સપનાનું ઘર ખરીદવું 10% મોંઘુ 1 જૂલાઇથી ભાવ વધારો!




**અમદાવાદ ક્રેડાઈની બેઠકમાં બિલ્ડર એસો. અંતિમ નિર્ણય કર્યો**

**રો-મટીરિયલના ભાવમાં 20% થી લઈને 60% જેટલો તોતિંગ વધારો નોંધાયો**

**વતને ગયેલા મજૂરો પરત ન ફરતા લેબરની ગુજરાતભરમાં ભારે અછત**

## સપ્લાય ચેઈન ખોરવાતા પ્રોજેક્ટ કોસ્ટમાં વધારો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અમદાવાદમાં પોતાનું ઘર કે ઓફિસ ખરીદવાનું સપનું જોતા નાગરિકો માટે આંચકાજનક સમાચાર સામે આવ્યા છે. આગામી ૧ જુલાઈથી શહેરમાં મકાનો અને રિયલ એસ્ટેટના ભાવમાં નોંધપાત્ર વધારો થવા જઈ રહ્યો છે. અમદાવાદના ક્રેડાઈ (CREDAI) હાઉસ ખાતે મળેલી એક મહત્વપૂર્ણ બેઠકમાં બિલ્ડર એસોસિએશન દ્વારા આ અંગેનો આખરી નિર્ણય લેવામાં આવ્યો છે.

મધ્ય પૂર્વ એશિયામાં યુદ્ધની પરિસ્થિતિના કારણે વધી રહેલ કન્સ્ટ્રકશન રૉ-મટીરીયલ્સના ભાવોના કારણે બાંધકામ વ્યવસાય પર ગંભીર અસર થઈ છે. આ અંતર્ગત પ્રોપર્ટીની કિંમતોમાં થવાપાત્ર વધારા અંગે ચર્ચા વિચારણા કરવા આજરોજ ક્રેડાઈ અમદાવાદ દ્વારા એક વિશેષ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે ૪00થી વધુ સભ્યો હાજર રહ્યા હતા. ક્રેડાઈના ચેરમેન રાજેશ વસવાણી, પ્રમુખ આલાપ પટેલ સહિત શહેરના અગ્રણી બિલ્ડરોએ આ હાઈલેવલ બેઠકમાં માર્કેટને અસર કરતા તમામ પરિબળો અંગે ઊંડી ચર્ચા-વિચારણા કરી હતી.




સંસ્થાના ચેરમેન રાજેશભાઈ વાસવાનીએ જણાવ્યું હતુ કે, મધ્ય પૂર્વ એશિયામાં યુદ્ધની પરિસ્થિતિના કારણે બિલ્ડીંગ્સમાં ઉપયોગી રો મટીરીયલ્સની સપ્લાય ચેઈન ખોરંભે પડી છે. આ આંતરરાષ્ટ્રીય તણાવને લીધે આયાતી સામગ્રીના ખર્ચમાં મોટો ઉછાળો આવ્યો છે અને રો-મટીરિયલના ભાવમાં ૨૦%થી લઈને ૬૦% જેટલો તોતિંગ વધારો નોંધાયો છે.

બાંધકામમાં વપરાતા મુખ્ય મટીરીયલ્સના ભાવમાં આશરે ૩૦%થી ૫૦% જેટલો ધરખમ ભાવ વધારો થયેલ છે અને હજુ પણ આ વધારો ચાલુ જ છે, જેના પરિણામે પ્રોજેક્ટ કોસ્ટ ખૂબ વધી ગઈ છે. જો આ યુદ્ધ લાંબુ ચાલશે, તો આગામી ૬થી ૧૨ મહિનામાં બાંધકામ ઉદ્યોગ પર આનાથી પણ વધુ ગંભીર અસરો થઈ શકે છે.



## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રોફેસર સર્વેમાં ચોંકાવનારા ખૂલાસા થયા




તસવીરઃ અક્ષય ગોંડલિયા

# 'ટ્રાફિકજામ' પાછળનું સત્ય ; 49% લોકો આડેધડ પાર્કિંગ કરી ટ્રાફિક સમસ્યા વધારે છે!

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લોકશાહી સમાજની પ્રગતિનો સાચો આધાર તેના નાગરિકોના બે મુખ્ય પાસાં હક્ક અને ફરજ પર ટકેલો છે. સૌરાષ્ટ્ર પ્રદેશ સાંસ્કૃતિક રીતે અત્યંત સમૃદ્ધ, અતિથિપ્રિય અને જીવદયા પ્રેમી તરીકે વૈશ્વિક સ્તરે જાણીતો છે, પરંતુ આધુનિકીકરણ અને શહેરીકરણના વર્તમાન યુગમાં અહીંના નાગરિકોની માનસિકતામાં એક મોટો અને ચિંતાજનક વિરોધાભાસ જોવા મળ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર યોગેશ જોગસણ અને ડો.ધારા દોશીના માર્ગદર્શન હેઠળ ડો.જીજ્ઞા વરુ, ડો.હર્ષા ગોંડલીયા તેમજ ડો.ભારતી મોરેએ કરેલા ૨૪૩૦ લોકોના વૈજ્ઞાનિક સર્વેક્ષણમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, સૌરાષ્ટ્રના લોકો પોતાના હકો અને અધિકારો મેળવવા માટે જેટલા સજાગ, સક્રિય અને ક્યારેક આક્રમક બને છે, તેનાથી તદ્દન વિપરીત તેઓ પોતાની નૈતિક અને કાયદાકીય ફરજો પ્રત્યે ઘોર ઉદાસીનતા કે બેદરકારી દાખવે છે.

- ૪૮% લોકો સિગ્નલ પર નિયમો તોડી રહ્યા છે
- ૫૬% લોકો જાહેરમાં ગંદકી ફેલાવે છે
- રાજકોટમાં ૨૫% લોકો જ બુધ્ધિશાળી જે નિયમોનું ચૂસ્ત પાલન કરે છે
- બાકીના ૭૫% રાજકોટની પથારી ફેરવી રહ્યા છે

સરવેના તારણો મુજબ સોશિયલ મીડિયાના યુગમાં ડિજિટલ આવેગ સામાજિક વાતાવરણને પ્રદૂષિત કરી રહ્યો છે. આશરે ૫૭% લોકો એવા છે જેઓ સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો પર આવતા ધાર્મિક, જ્ઞાતિવાદી કે ઉત્તેજના ફેલાવતા મેસેજને આગળ ફોરવર્ડ કરતા પહેલાં તેની સત્યતા તપાસવાની સહેજ પણ તસ્દી લેતા નથી અને સીધો જ મેસેજ ફોરવર્ડ કરી દે છે.

બીજી તરફ, વ્યસન અને ગંદકીના મામલે પણ ગંભીર બેદરકારી સામે આવી છે. પાન-માવા કે ગુટખા ખાધા પછી જાહેર રસ્તાઓ, ફૂટપાથ કે સરકારી કચેરીઓની દીવાલો પર ન થૂંકવાના નિયમનું સરેઆમ ઉલ્લંઘન થાય છે. ૫૬% લોકો પાન-માવાની પિચકારી મારીને સાર્વજનિક મિલકતોને ખરાબ કરે છે.

આપણા નાગરિકોમાં કાયદા પ્રત્યે માન કરતાં ભય વધુ કામ કરે છે. ટ્રાફિક સિગ્નલ પર જો પોલીસ હાજર ન હોય, તો ૪૮% લોકો નિયમ સમજીને ઊભા રહેવાને બદલે સિગ્નલ તોડીને સીધા ભાગે છે. માત્ર ૨૫% લોકો જ એવા છે જેઓ નિયમ સમજીને સ્વયં-શિસ્તથી ઊભા રહે છે. આ સિવાય, વાહન પાર્ક કરતી વખતે ૪૯% લોકો અન્યનો રસ્તો, દુકાન કે ઘરનો ગેટ બ્લોક થઈ જશે તેની ચિંતા કર્યા વિના જ્યાં જગ્યા મળે ત્યાં આડેધડ પાર્કિંગ કરી દે છે.



**62%**
નાગરિકો જાહેર સ્થળોએ રાષ્ટ્રગીત વખતે સાવધાન ઊભા રહે છે, જ્યારે ૩૩% પરિસ્થિતિ પર આધાર રાખે છે.



**45%**
લોકો રાષ્ટ્રધ્વજના નિયમો અંગે તદ્દન અજાણ છે અને માત્ર ૨૨% પાસે જ સંપૂર્ણ માહિતી



**38%**
લોકો નવી પેઢીને દેશના સ્વાતંત્ર સંગ્રામ અને ક્રાંતિકારીઓથી માહિતગાર કરવામાં સાવ ઉદાસીન છે



**48%**
લોકોએ તહેવારોમાં લાઉડસ્પીકર કે ફટાકડાથી અન્યને તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવામાં ક્યારેય વિચાર્યું જ નથી



**46%**
નાગરિકોમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા અંગે હજુ કોઈ જાગૃતિ નથી



**49%**
લોકો વાહન પાર્ક કરતી વખતે રસ્તો કે ગેટ બ્લોક ન થાય તેની ચિંતા કર્યા વગર ગમે ત્યાં પાર્કિંગ કરે છે



**56%**
લોકો પાન-માવા ખાઈને જાહેર રસ્તાઓ કે ઓફિસોની દીવાલો પર ન થૂંકવાના નિયમનું પાલન કરતા નથી



**48%**
લોકો પોલીસ ન હોય ત્યારે ટ્રાફિક નિયમો તોડીને ભાગે છે

**25%**
નિયમ પાળે છે



**57%**
લોકો સોશિયલ મીડિયા પર આવતા ઉત્તેજક મેસેજને સત્યતા તપાસ્યા વગર જ સીધા ફોરવર્ડ કરનારા છે



**44%**
લોકો સમાજમાં અંધશ્રદ્ધા અને કુરિવાજો છોડીને પ્રગતિશીલ વિચારો અપનાવવામાં નકારાત્મક વલણ ધરાવે છે

### દાવા ખોખલા; પડધરીના ભાયુના-પીપળીયા રોડ બિસ્માર

# આ છે વિકાસ !

## રસ્તો નહીં ખાડાઓનો ખજાનો; હાડકા તૂટવાની 100% ગેરંટી !







### ગ્રામજનોની હૈયાવરાળ; હોસ્પિટલ, શાળા-કોલેજ જવા માટે આ રસ્તો જીવલેણ સાબિત થઈ રહ્યો છે

### ગામડાઓમાં મૂળભૂત સુવિધાઓની સ્થિતિ અત્યંત ખરાબ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પડધરી તાલુકાના છેવાડાના મહત્વના મથક ગણાતા ભાયુના (દોમડા) ગામથી નગર પીપળીયાને જોડતો મુખ્ય માર્ગ હાલ અત્યંત ખરાબ અને જોખમી સ્થિતિમાં પહોંચી ગયો છે. આ માર્ગ માત્ર બે ગામોને જ નહીં, પરંતુ આસપાસના પાંચથી વધુ ગામોને તાલુકા અને મુખ્ય મથક સાથે જોડતો મહત્વનો સંપર્ક માર્ગ ગણાય છે. છતાં, વર્ષોથી યોગ્ય જાળવણીના અભાવે રસ્તાની હાલત દિવસેને દિવસે વધુ બગડી રહી છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ આ માર્ગ પર મોટા ખાડાઓ, તૂટી ગયેલી ડામર સપાટી અને વરસાદી પાણી ભરાવાની સમસ્યાઓને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને દવાખાને જવા, શાળાકોલેજ માટે તથા દૈનિક આવાગમન માટે આ રસ્તો જીવલેણ સાબિત થઈ રહ્યો છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે અનેક વખત તંત્રને લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. સરકાર વિકાસની વાતો કરે છે, પરંતુ ગામડાઓમાં મૂળભૂત સુવિધાઓની સ્થિતિ અત્યંત ખરાબ હોવાનું સ્થાનિકો જણાવે છે.

હવે ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે રસ્તાની હાલત વધુ ખરાબ થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. વરસાદ બાદ ખાડાઓમાં પાણી ભરાઈ જવાથી અકસ્માતની શક્યતા પણ વધે તેવી આશંકા ગ્રામજનો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે આ માર્ગ તેમની રોજિંદી જીવનરેખા સમાન છે, છતાં તંત્ર દ્વારા સતત અવગણના થઈ રહી છે. અંતે ગ્રામજનોએ આ મુદ્દે તાત્કાલિક સમારકામ અને કાયમી ઉકેલની માંગ ઉઠાવી છે.


## ભાજપમાં બગાવત : સાંસદ મનસુખ વસાવાનો ગંભીર આરોપ



AI IMAGE

# ભાજપ નેતાઓ જ દારૂ જુગારના અડ્ડા ચલાવે છે

## સાંસદે કહ્યુ : વિરોધ પક્ષ કરતા ભાજપના જ કેટલાક લોકો પક્ષ અને જનપ્રતિનિધિઓને વધુ નુકસાન પહોંચાડી રહ્યા છે



### અસામાજિક તત્વોને ભાજપ નેતાઓ જ આડકતરી રીતે મદદ કરી રહ્યા છે

સિટી ન્યૂઝ@નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે આવેલા જાનકી આશ્રમમાં યોજાયેલી એક મહત્ત્વની બેઠકમાં ભરૂચ લોકસભા બેઠકના વરિષ્ઠ સાંસદ મનસુખ વસાવા પોતાની જ પાર્ટીના કેટલાક કાર્યકરો અને હોદ્દેદારો પર લગાવાયેલા આરોપોથી ગુજરાતની રાજનીતિમાં હડકંપ મચી ગયો હતો. ભરૂચ લોકસભા બેઠકના ભાજપના વરિષ્ઠ સાંસદ મનસુખ વસાવાના નિવેદનોએ ગુજરાતના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

બેઠક દરમિયાન મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે વિરોધ પક્ષ કરતા ભાજપના જ કેટલાક લોકો પક્ષ અને જનપ્રતિનિધિઓને વધુ નુકસાન પહોંચાડી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપના કેટલાક સ્થાનિક આગેવાનો દારૂ અને જુગારના અડ્ડા ચલાવતા અસામાજિક તત્વોને સીધી કે આડકતરી રીતે મદદ કરી રહ્યા છે. આવા લોકોને સમાજના દુશ્મન ગણાવતા તેમણે કહ્યું કે, "તમે પોતાને સમાજસેવક કહો છો, પરંતુ હકીકતમાં સમાજને નુકસાન પહોંચાડી રહ્યા છો."

સાંસદે વધુમાં ચેતવણી આપતાં કહ્યું કે યોગ્ય સમય આવશે ત્યારે આવા તમામ લોકોના નામ જાહેર કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોઈ પણ વ્યક્તિ ભલે ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલી હોય જો તે ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સામેલ હશે તો તેને જાહેરસભામાં ખુલ્લો પાડવામાં આવશે. મનસુખ વસાવાના આ નિવેદનો બાદ ભાજપના સ્થાનિક સંગઠનમાં ચર્ચાઓ તેજ બની છે.

તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણી કે અન્ય કામોમાં વિરોધી પાર્ટી કરતા આપણા જ ભાજપના લોકો આપણને વધુ નડે છે. આવા તત્ત્વો સામે આકરા શબ્દોમાં ચેતવણી આપતા સાંસદે સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ પક્ષ કે પોતાના પદની સહેજ પણ પરવા કર્યા વિના યોગ્ય સમય આવશે ત્યારે આવા તમામ લોકોને જનતાની સામે લાવીને ખુલ્લા પાડશે. ભાજપના કેટલાક સ્થાનિક આગેવાનો બનીને ફરતા લોકો જ દારૂ અને જુગારના અડ્ડા ચલાવનારાઓને છાવરે છે અને તેમને મદદરૂપ થાય છે. વાસ્તવમાં તમે સમાજના દુશ્મન છો અને સમાજને મોટું નુકસાન પહોંચાડી રહ્યા છો.




**સ્વાસ્થ્ય મંત્રાલયનો મોટો નિર્ણય**

# હવે પ્રિસ્ક્રિપશન વગર નહીં મળે કફ સિરપ...

## નવા નિયમો અનુસાર; માત્ર અધિકૃત મેડિકલ સ્ટોર પરથી જ મળશે કફ સિરપ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

જો તમે સામાન્ય ખાંસી અથવા શરદી માટે સીધા મેડિકલ સ્ટોર પરથી કફ સિરપ ખરીદતા હોવ તો હવે તમારે નવા નિયમોનું પાલન કરવું પડશે. કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે કફ સિરપ અને અન્ય ઔષધીય સિરપના વેચાણને લઈને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નવા નિયમો મુજબ હવે ઘણા પ્રકારના કફ સિરપ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદી શકાશે નહીં.સરકારે ઔષધિ નિયમ ૧૯૪૫ (Drugs Rules, ૧૯૪૫)માં સુધારો કરીને કેટલીક સિરપ દવાઓના ઓવર-ધ-કાઉન્ટર (OTC) વેચાણ પર નિયંત્રણ લાદ્યું છે. એટલે કે હવે દર્દીઓને લાયસન્સ ધરાવતા મેડિકલ સ્ટોર અથવા ફાર્મસીમાંથી કફ સિરપ ખરીદવા માટે રજિસ્ટર્ડ ડોક્ટરની પર્ચી રજૂ કરવી ફરજિયાત બનશે. સરકારનું માનવું છે કે આ પગલાથી દવાઓના દુરુપયોગને રોકવામાં અને દર્દીઓની સુરક્ષા વધારવામાં મદદ મળશે.

અત્યાર સુધી દેશમાં ઘણા વિસ્તારોમાં લોકો સામાન્ય ખાંસી માટે સીધા જ મેડિકલ સ્ટોર પરથી કફ સિરપ ખરીદી શકતા હતા. ઘણી વખત આવા સિરપ ડોક્ટરની સલાહ વિના પણ સરળતાથી મળી જતા હતા. પરંતુ હવે નવા નિયમો અમલમાં આવ્યા બાદ આ સ્થિતિ બદલાશે. હવે કફ સિરપ સહિત કેટલીક ઔષધીય સિરપ ખરીદવા માટે ડોક્ટર દ્વારા આપવામાં આવેલું માન્ય પ્રિસ્ક્રિપ્શન રજૂ કરવું ફરજિયાત રહેશે. પ્રિસ્ક્રિપ્શન વગર દવા વેચનાર મેડિકલ સ્ટોર સામે પણ કાર્યવાહી થઈ શકે છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે બહાર પાડેલી સૂચના મુજબ ઔષધિ નિયમ ૧૯૪૫ની અનુસૂચિ 'કે' (Schedule K)માં ફેરફાર કરવામાં આવ્યો છે. આ સુધારા હેઠળ 'સિરપ' શબ્દને યાદીમાંથી દૂર કરવામાં આવ્યો છે. અગાઉ અનુસૂચિ 'કે' હેઠળ કેટલીક છૂટછાટો ઉપલબ્ધ હતી, જેના કારણે નાના ગામડાઓ અને દૂરના વિસ્તારોમાં પણ ચોક્કસ પરિસ્થિતિઓમાં કફ સિરપનું વેચાણ સરળતાથી થઈ શકતું હતું. હવે આ છૂટછાટો સમાપ્ત કરવામાં આવી છે.

### સરકારે આ નિર્ણય કેમ લીધો?

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ કફ સિરપના વધતા દુરુપયોગ અને જાહેર આરોગ્યને પડતા જોખમોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં દેશના વિવિધ રાજ્યોમાંથી કફ સિરપના ગેરઉપયોગ અને તેની ગુણવત્તા સંબંધિત ગંભીર કિસ્સાઓ સામે આવ્યા હતા. કેટલાક કિસ્સાઓમાં કફ સિરપના સેવન બાદ લોકોના મૃત્યુ થયાની ઘટનાઓ પણ ચર્ચામાં આવી હતી. આ ઘટનાઓ બાદ દવાઓના વેચાણ અને વિતરણ વ્યવસ્થાને વધુ કડક બનાવવાની માંગ ઉઠી હતી.

### ગામડાઓમાં પણ લાયસન્સ વગર વેચાણ નહીં

નવા નિયમોનો એક મહત્વપૂર્ણ ભાગ એ છે કે હવે ૧,૦૦૦થી ઓછી વસ્તી ધરાવતા નાના ગામડાઓમાં પણ લાયસન્સ વગર કફ સિરપનું વેચાણ કરી શકાશે નહીં. અગાઉ કેટલાક વિસ્તારોમાં મળતી છૂટછાટોને હવે દૂર કરવામાં આવી છે. પરિણામે દેશભરમાં કફ સિરપના વેચાણ માટે એકસમાન નિયમો લાગુ થશે.

### અધિકૃત મેડિકલ સ્ટોર પરથી જ મળશે કફ સિરપ

નવા નિયમો અનુસાર હવે કફ સિરપનું વેચાણ અને વિતરણ માત્ર લાયસન્સ ધરાવતા મેડિકલ સ્ટોર અથવા ફાર્મસી દ્વારા જ થઈ શકશે. આ સમગ્ર પ્રક્રિયા ઔષધિ અને પ્રસાધન સામગ્રી અધિનિયમ ૧૯૪૦ તથા સંબંધિત નિયમો હેઠળ નિયંત્રિત કરવામાં આવશે. સરકારે દવા ઉત્પાદકો, વિતરકો અને ફાર્માસિસ્ટોને તમામ નિયમોનું કડક પાલન કરવાની સૂચના પણ આપી છે.

### દવાઓના દુરુપયોગ સામે મોટું પગલું

વિશેષજ્ઞોનું માનવું છે કે કફ સિરપના કેટલાક પ્રકારોનો દુરુપયોગ થતો હોવાના અહેવાલો લાંબા સમયથી સામે આવી રહ્યા હતા. કેટલીક દવાઓનો ઉપયોગ તબીબી હેતુ સિવાય અન્ય રીતે થતો હોવાની ચિંતાઓ પણ વ્યક્ત કરવામાં આવી હતી. આ નવા નિયમો દ્વારા સરકાર દવાઓના વેચાણ પર વધુ અસરકારક દેખરેખ રાખવા માંગે છે જેથી દર્દીઓને યોગ્ય સારવાર મળે અને દવાઓનો ગેરકાયદેસર ઉપયોગ અટકાવી શકાય.



### 22 વર્ષની છાવા ફેમ સંચિતા ઉગલેની આત્મહત્યા બાદ

# સાથે સોઓગે નહીં તો રિપ્લેસ!


## ટીવી એક્ટ્રેસ આંચલ ખૂરાનાએ ઈન્ડસ્ટ્રીને એક્સપોઝ કરી

## ટીવી ઈન્ડસ્ટ્રીમાં શોષણનો ભાંડાફોડ
## રોલ જોઈએ તો સમજૂતી કરવી પડશે

## ગ્લેમરની આડમાં ગંદી હકીકત

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

૨૨ વર્ષીય ટીવી એક્ટ્રેસ સંચિતા ઉગલેના કથિત આત્મહત્યાના કેસ પછી એક્ટ્રેસ આંચલ ખુરાનાએ ટીવી ઈન્ડસ્ટ્રી પર સવાલો ઉઠાવ્યા છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતા એક્ટ્રેસે કહ્યું- એક અભિનેતાએ આત્મહત્યા કરી લીધી. ચેનલને ટીઆરપી જોઈએ છે, પ્રોડ્યુસરને બજેટ બચાવવું છે અને દર્શકોને મનોરંજન જોઈએ છે. પરંતુ આની પાછળ શું તમે ક્યારેય વિચાર્યું છે કે એક અભિનેતા કઈ પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે?



એક્ટ્રેસે આગળ કહ્યું, એક નાની વાત પર રિપ્લેસમેન્ટ, કોઈની સાથે સમાધાન નહીં કરો તો રિપ્લેસમેન્ટ, કોઈની સાથે દલીલ કરશો તો રિપ્લેસમેન્ટ, આત્મસન્માન બચાવશો તો રિપ્લેસમેન્ટ.

આંચલ ખુરાનાએ એમ પણ કહ્યું કે જ્યાં સુધી ચેનલ અને પ્રોડ્યુસર્સની વાત છે, તે સૌથી સ્વાર્થી લોકો છે. તેમને પોતાના નફા અને ફાયદાથી ઉપર કંઈ દેખાતું નથી.

વિશ્વાસ કરો, મારી સાથે પણ આવું થયું છે. જો તમારું ઓડિશન સારું છે, તમે એક સારા પર્ફોર્મર છો, તો પણ તેઓ તમને ફક્ત ૧૦૦૦ રૂપિયા માટે રિજેક્ટ કરી દેશે. ૧૦૦૦ રૂપિયા માટે. અથવા તમે કોઈને લાઇન નથી આપી રહ્યા. તમે કોઈની સાથે કંઈ પણ કરવા તૈયાર નથી. તેઓ તમને બદલી નાખશે. તેમના માટે આ ખૂબ જ સરળ છે.

વીડિયોમાં આંચલે કલાકારોને કહ્યું કે જ્યારે પરિસ્થિતિઓ ખૂબ જ મુશ્કેલ લાગે ત્યારે પોતાના પરિવાર અને ઘરનો સહારો લેવો જોઈએ. આંચલના મતે, તે પોતે પણ ડિપ્રેશન અને સ્ટ્રેસના સમયગાળામાંથી પસાર થઈ ચૂકી છે અને આવા સમયે કામ કરતાં પોતાના લોકોનો સાથ વધુ મહત્વનો હોય છે.

ટીવી સિરિયલ કુમકુમ ભાગ્યથી જાણીતી બનેલી એક્ટ્રેસ સંચિતા ઉગલેએ રવિવારે રાત્રે આત્મહત્યા કરી લીધી. તે ૨૨ વર્ષની હતી. પોલીસે જણાવ્યું કે અભિનેત્રીનો મૃતદેહ ઘરમાં સીલિંગ ફેન પર લટકતો મળ્યો. તેમણે સાડીનો ફંદો બનાવીને ફાંસી લગાવી હતી.

મુંબઈ પોલીસે મીડિયાને જણાવ્યું, અમારી ટીમ માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચી. ત્યાં કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી. કોઈ સુસાઈડ નોટ પણ મળી નથી. ઘટના સમયે તેઓ ઘરમાં એકલા હતા. તેમના પિતાએ દીકરીના મૃત્યુ માટે કોઈને જવાબદાર ઠેરવ્યા નથી.

સંચિતા પોતાના માતા-પિતા સાથે મહારાષ્ટ્રના પાલઘરમાં રહેતી હતી. રવિવારે સાંજે લગભગ ૫:૩૦ વાગ્યે તેની બહેન અંજલિ ઘરની બહાર ગઈ હતી. તે સમયે ઘરમાં કોઈ હાજર નહોતું. આ દરમિયાન સંચિતાએ પોતાના બેડરૂમના સીલિંગ ફેન પર સાડીના સહારે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી.

તેને તરત જ મહાનગરપાલિકાની તુલિંજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, પરંતુ ડોકટરોએ તેને મૃત જાહેર કરી. તે ટીવી સિરિયલ કુમકુમ ભાગ્ય અને વાગલે કી દુનિયામાં જોવા મળી હતી. પોલીસે તેમનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને મામલાની તપાસ ચાલી રહી છે.




# પત્નીઓની અદલાબદલી સૂરતમાં ચોંકાવનારો કિસ્સો

## પૈસા અને પાર્ટી બાદ પતન વાઈફ સ્વેપિંગ કાંડ ચર્ચામાં
## ટી.વી. ડિબેટમાં પત્ની સ્વેપ કિસ્સાએ ઉઠાવ્યા નૈતિક પ્રશ્નો

**સિટી ન્યૂઝ@સુરત**

શહેરમાં કહેવાતા આધુનિક અને શિક્ષિત વર્ગમાંથી સામે આવેલા એક ચોંકાવનારા કિસ્સાએ સમાજમાં ભારે ચર્ચા જગાવી છે. એક ન્યૂઝ ચેનલ પર થયેલી ચર્ચા દરમિયાન પત્નીઓની અદલાબદલી (વાઈફ સ્વેપિંગ) જેવી ઘટનાનો ખુલાસો થતાં સમાજની નૈતિકતા અને સંસ્કૃતિ પર ગંભીર સવાલો ઊભા થયા છે.

ચર્ચા દરમિયાન એન્કર જીગરે જણાવ્યું હતું કે સુરતના કેટલાક મિત્રો (કપલ) ફરવા માટે શહેરની બહાર એક રિસોર્ટમાં ગયા હતા. જ્યાં મોજ–મસ્તી અને પાર્ટી બાદ રાત્રે એકબીજાની પત્નીઓની અદલાબદલી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, આ ગ્રુપમાંના એક દંપતીએ આ પ્રવૃત્તિનો કડક વિરોધ કર્યો હતો અને તેને સમાજ માટે કલંક ગણાવ્યો હતો.





ચર્ચામાં સામેલ મહેમાન રાજુભાઈએ જણાવ્યું કે આ પ્રકારની પ્રવૃત્તિ પૈસાદાર અને બેફામ જીવનશૈલી ધરાવતા લોકોમાં વધી રહી છે. તેમના જણાવ્યા મુજબ, આ માત્ર અંગત બાબત નથી, પરંતુ સમાજમાં ફેલાતું એક “મીઠું ઝેર” છે, જે આવનારી પેઢી માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

બીજા મહેમાન જયભાઈએ આ પ્રવૃત્તિને પશ્ચિમી સંસ્કૃતિના અંધ અનુસરણ સાથે જોડતા કહ્યું કે આધુનિકતાના નામે મૂલ્યો ભૂલાઈ રહ્યા છે. તેમણે ચિંતાજનક રીતે જણાવ્યું કે આવી પ્રવૃત્તિઓ માત્ર એક શહેર પૂરતી સીમિત નથી, પરંતુ વિવિધ વર્ગોમાં ફેલાઈ રહી છે.

ચર્ચા દરમિયાન એ મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો કે સમાજના કહેવાતા આગેવાનો આ બાબતે મૌન છે, જેના કારણે આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળી રહ્યું છે. મહેમાનોનું માનવું હતું કે આવા કિસ્સાઓ જાહેરમાં લાવવા પાછળનો હેતુ કોઈ વ્યક્તિને બદનામ કરવાનો નહીં, પરંતુ સમાજમાં જાગૃતિ લાવવાનો છે.

આ સમગ્ર ઘટનાએ એક મહત્વનો પ્રશ્ન ઊભો કર્યો છેશું આધુનિકતા ના નામે સમાજ પોતાની મૂળભૂત સંસ્કૃતિ અને મૂલ્યો ગુમાવી રહ્યો છે? અને જો હા, તો તેને રોકવા માટે શું પગલાં લેવાશે?

હાલમાં આ મુદ્દો સોશિયલ મીડિયા અને જાહેર જીવનમાં ચર્ચાનો વિષય બન્યો છે, જ્યાં લોકો પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. ઘણા લોકો આ ઘટનાને નૈતિક પતન ગણાવી રહ્યા છે, જ્યારે કેટલાક લોકો તેને અંગત સ્વતંત્રતાનો મુદ્દો માને છે.

એક બાબત ચોક્કસ છે કે આ ઘટના માત્ર એક કિસ્સો નથી, પરંતુ સમાજ માટે એક ચેતવણી છેસમય રહેતાં મૂલ્યો અને સંસ્કૃતિ અંગે ગંભીર ચર્ચા કરવાની જરૂર છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Velvet Circle

# IMMERSIVE YOGA



## યશ મોરડિયા
(ઈન્ટરનેશનલ યોગા ટીચર)

19 JUNE 2025

AN IMMERSIVE WELLNESS EXPERIENCE LIKE NEVER BEFORE

SARAZA • RAJKOT

**BOOKING CONTACT**

**9913419494**

**9998998980**

## શું તમે રોજિંદા સ્ટ્રેસથી થાકી ગયા છો?

- શું તમે શાંતિ, એકાગ્રતા અને તાજગી શોધી રહ્યા છો?
- હવે અજમાવો ઈમર્સિવ યોગ જ્યાં યોગ સાથે ટેકનોલોજીનો અદ્ભુત સંગમ!



## શું ખાસ છે?

- શાંતિદાયક સંગીત અને સાઉન્ડ થેરાપી
- સુગંધિત વાતાવરણ સાથે ડીપ રિલેક્સેશન
- નિષ્ણાત માર્ગદર્શન હેઠળ યોગાસન અને ધ્યાન

## ફાયદા

- તણાવમાંથી તરત રાહત
- ધ્યાન અને એકાગ્રતા વધે
- મન-શરીરનું મજબૂત જોડાણ
- યોગમાં નવી ઊર્જા અને ઉત્સાહ
- હવે તમારા શહેરમાં ઉપલબ્ધ!
- આજે જ જોડાઓ અને અનુભવો "અસલી શાંતિ"

## તંત્રી લેખ



### છેલ્લા કેટલાક દિવસોમાં કેટલા સેમ્પલ લીધા કેટલાને સજા થઈ

# મેયર સાહેબ, ઊંધા ચશ્માથી બચજો તંત્રની હકીકત કંઈક બીજી છે?

### વાસી ખોરાક છે તો નાશ કેમ કરો છો સેમ્પલ લઈને કેમ નથી મોકલતા

રાજકોટમાં ખાદ્ય સુરક્ષાની હકીકત હવે ખુલ્લી પડી રહી છે. એક તરફ મહાનગર પાલિકા “કડક કાર્યવાહી”ના દાવા કરે છે, અને બીજી તરફ રિલાયન્સ મોલમાંથી લેવાયેલા શંકાસ્પદ લોટના સેમ્પલનો રિપોર્ટ ૪૨૫ દિવસ સુધી ગાયબ રહે છે. આ માત્ર વિલંબ નથી. આ સમગ્ર સિસ્ટમની નિષ્ફળતા અને શંકાસ્પદ કામગીરીનું જીવંત ઉદાહરણ છે. પ્રશ્ન સીધો છે. રિપોર્ટ ક્યાં છે? જો લેબોરેટરી પાસે છે, તો જાહેર કેમ નથી? અને જો નથી, તો સવા વર્ષથી શું ચાલી રહ્યું હતું? આ મૌન પોતે જ અનેક શંકાઓ ઊભી કરે છે. શું કોઈને બચાવવામાં આવી રહ્યું છે? કે પછી તંત્ર પોતાની બેદરકારી છુપાવવા પ્રયત્ન કરી રહ્યું છે?

આ કેસ માત્ર એક ઘટના નથી. શહેરમાં ચાલતી “દરોડા રાજનીતિ” પણ હવે સવાલો હેઠળ આવી ગઈ છે. હોટેલ અને રેસ્ટોરન્ટમાં જઈને ખોરાકનો નાશ કરી દેવામાં આવે છે, પરંતુ સેમ્પલ લેવામાં આવતા નથી. કેમ? કારણ સરળ છે. સેમ્પલ લેવાય તો કાયદેસર કાર્યવાહી કરવી પડે અને કદાચ એ જ જવાબદારીથી બચવા માટે “નાશ કરો અને મુદ્દો પૂરો કરો” જેવી વ્યવસ્થા ઉભી થઈ ગઈ છે.



● તંત્રી ●
**અનિરુદ્ધ નકુમ**

ફૂડ વિભાગ પોતાની મર્યાદિત સત્તાનો બહાનો આપે છે, પરંતુ સવાલ એ છે. જવાબદારી કોણ લેશે? ગંદકીના નામે દંડ વસૂલવામાં આવે છે, પરંતુ ખાદ્ય ગુણવત્તા જેવા ગંભીર મુદ્દાઓ પર આંખ આડા કાન કરવામાં આવે છે. આ માત્ર તંત્રની નબળાઈ નથી. આ સ્પષ્ટ બેદરકારી છે. આખરે સવાલ માત્ર એક જ છે શું રાજકોટના નાગરિકો સુરક્ષિત ખોરાક મેળવી રહ્યા છે કે નહીં? જો તેનો જવાબ તંત્ર સ્પષ્ટ આપી શકતું નથી, તો તમામ દાવાઓ બિનઅર્થપૂર્ણ છે. હવે સમય આવી ગયો છે સાચું બહાર લાવો, જવાબદારી નક્કી કરો અને સિસ્ટમને પારદર્શક બનાવો. નહીં તો લોકોનો વિશ્વાસ તૂટશે અને એ વિશ્વાસ પાછો મેળવવો સરળ નહીં રહે.

મેયરશ્રીની નીતિઓ સારી હોઈ શકે, પરંતુ જમીન પરના અધિકારીઓ જો હકીકત છુપાવે, અનાવશ્યક વિલંબ કરે અને ગેરરીતિઓને ઢાંકી રાખે, તો આખું તંત્ર ખોખલું બની જવું સ્વાભાવિક છે. હવે તો સીધી શંકા ઊભી થાય છે. શું અધિકારીઓ જ “ઊંધા ચશ્મા” પહેરાવીને સાચી સ્થિતિથી દૂર રાખી રહ્યા છે?

જો તંત્ર પાસે છુપાવવાનું કંઈ નથી, તો માત્ર બે સીધા જવાબ આપી દે અત્યાર સુધી કુલ કેટલા ખાદ્ય સેમ્પલ લેવામાં આવ્યા છે? અને તેમાંમાંથી કેટલા કેસોમાં દોષિતોને ખરેખર સજા કરવામાં આવી છે? બસ, આટલી પારદર્શિતા રાખો, સચાઈ પોતે જ બહાર આવી જશે.

### 20 જૂન સુધી ધરણા પ્રદર્શન અને આવેદનપત્ર આપશે

# હવે કાલથી શિક્ષકોનું રાજ્યભરમાં આંદોલન

**સિટી ન્યૂઝ@અમદાવાદ**




ખેડૂતો બાદ હવે શિક્ષકો દ્વારા પણ રાજ્યભરમાં આંદોલન કરવામાં આવશે. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘની બેઠકમાં આવતીકાલથી ૨૦ જૂન સુધી તમામ જિલ્લાઓમાં ધરણા પ્રદર્શન અને આવેદનપત્ર આપી વિરોધ કરવાની તૈયારી દર્શાવવામાં આવી છે. શિક્ષક સંઘ અને શૈક્ષિક સંઘ બંને પોતપોતાની રીતે કાર્યક્રમો યોજવાના છે. સુપ્રીમ કોર્ટે તમામ શિક્ષકો માટે TET પરીક્ષા પાસ કરવી ફરજિયાત કરી છે. જેથી વિરોધ પ્રદર્શન કરી ૨૦૧૦ પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવા માટે આંદોલન કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે શિક્ષકો માટે એક મહત્વનો ચુકાદો આપતાં નિર્દેશ આપ્યો છે કે, શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી મેળવવા માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET) પાસ કરવી ફરજિયાત રહેશે. જે શિક્ષકોની નોકરીને પાંચ વર્ષથી વધુ સમય બાકી છે, તેમણે TET પાસ કરવી ફરજીયાત કરવામાં આવ્યું છે. જો તેઓ આમ નહીં કરે તો રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. જોકે કોર્ટે માત્ર પાંચ વર્ષ બાકી રહેલા શિક્ષકોને રાહત આપી છે.

જેથી સુપ્રિમ કોર્ટના આ નિર્ણયના કારણે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયને યોગ્ય ન ગણી બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ૩૩ જિલ્લામાં ૩ દિવસ સુધી અલગ અલગ પ્રકારે ધરણા પ્રદર્શન અને આંદોલન કરવાની તૈયારી કરવામાં આવી છે.

### CJPના સ્થાપકે ગંભીર આરોપ લગાવ્યા

# કોકરોચ પાર્ટીના અભિજીત પર હૂમલો RSSના લોકોએ કર્યો

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દીપકે મંગળવારે આરોપ લગાવ્યો કે જયપુરમાં તેમના પર થયેલા હુમલામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે RSS ના લોકોનો હાથ હતો. હાલ દીપકે નાગપુરમાં છે. અહીં ૪ વાગ્યે સંવિધાન ચોક પર પાર્ટીનું પ્રદર્શન છે.

તેમણે કહ્યું- જ્યારે પણ કોઈ સરકાર કે તેની વિચારધારા વિરુદ્ધ બોલે છે, ત્યારે આવું જ થાય છે. આમાં કંઈ નવું નથી. ગઈકાલે એટલે કે ૧૫ જૂને કોકરોચ જનતા પાર્ટીએ જયપુરમાં પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન ભીડમાં સામેલ યુવકોએ દીપકેને લાફા માર્યા હતા.

બીજી તરફ, CJPના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ૨ લાખ ફોલોઅર્સ ઓછા થઈ ગયા છે. ૧૬ જૂને પાર્ટીના ઈન્સ્ટાગ્રામ પર ૨.૨૫ કરોડ ફોલોઅર્સ છે. ૬ જૂને દિલ્હીમાં CJP ના પ્રથમ પ્રદર્શન પહેલા ઈન્સ્ટાગ્રામ પર ૨.૨૧ કરોડ ફોલોઅર્સ હતા. બીજા દિવસે ૭ જૂને ૨૪ કલાકની અંદર ૨.૨૭ કરોડ ફોલોઅર્સ થઈ ગયા હતા.

કોકરોચ જનતા પાર્ટી NEET પેપર લીક,



CBSE પરીક્ષામાં ગડબડી અને શિક્ષણ વ્યવસ્થા સાથે જોડાયેલા મુદ્દાને લઈને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માંગી રહી છે. આ માટે દેશભરમાં પ્રદર્શન કરી રહી છે.

જયપુરની ઘટના બાદ નાગપુરમાં CJPના પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થવાની શક્યતા છે. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રદર્શનમાં ૨,૦૦૦થી વધુ યુવાનો સામેલ થઈ શકે છે. પોલીસે શહેરમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દીધી છે. ૪ ડીસીપી, ૩ એસીપી, ૧૮ પોલીસ નિરીક્ષક, ૪૫ એપીઆઈ અને સબ-ઈન્સ્પેક્ટર, ૪૭૦ પુરુષ અને ૧૭૦ મહિલા પોલીસકર્મીઓની ડ્યુટી લગાડવામાં આવી છે.

# ભારે કરી

# લગ્નનાં 6 મહિનામાં જ પત્ની ઘર છોડી પિયરમાં ગઈ, હવે 48 વર્ષે પાછી સાસરિયામાં આવી






**સિટી ન્યૂઝ@પટના**

પટનાના બરિયારપુર ગામના લલન મિશ્રાની પત્ની નિર્મલા દેવી ૪૮ વર્ષ બાદ પાછા આવ્યા તો તેઓ પોક મૂકીને રડવા લાગ્યા. પરિવારમાં લોકોમાં ખુશીના આંસૂ હતા. તમામ લોકોએ તેમનું સ્વાગત કર્યું. પત્ની છોડીને ગઈ તો લલન મિશ્રાએ બીજા લગ્ન ન કર્યા અને બસ પત્નીની રાહ જોતા રહ્યા. પત્નીની રાહ જોવામાં આખું જીવન એકલું કાઢી નાખ્યું. હવે વૃદ્ધાવસ્થામાં પત્નીનો સાથ મળ્યો હતો ખુશીથી રડવા લાગ્યા.

૧૯૭૭માં થયા હતા લગ્ન

લલન મિશ્રાના લગ્નના દિવસોને યાદ કરતા રડી પડ્યા. તેમણે જણાવ્યું કે માર્ચ ૧૯૭૭માં તેમના લગ્ન નિર્મલા દેવી સાથે થયા હતા. નિર્મલા દેવી લગ્નના ૬ મહિના બાદ ઘર છોડી પોતાના પિયરે દરભંગામાં જતા રહ્યા હતા. ત્યાર બાદ સાસરિયા તરફ ક્યારેય વળીને પાછું જોયું નહીં. લલન મિશ્રા પોતાની પત્નીને આજુબાજુના ગામડામાં શોધતા રહ્યા, પણ તેઓ મળ્યા નહીં. બાદમાં જાણવા મળ્યું કે એ તો પિયરમાં જતા રહ્યા છે.

પત્નીની યાદમાં સારી એવી નોકરી પણ છોડી દીધી અને ૩ મહિના સુધી પાગલ જેવું જીવન વીતાવ્યું. પત્ની નિર્મલા દેવી જણાવે છે કે તેમને સાસરિયામાં જ અમુક લોકોએ ભડકાવીને ઘર છોડવા મજબૂર કરી હતી. ઘર છોડ્યા બાદ નિર્મલા દેવી પોતાના પિયરમાં જ રહ્યા.

નિર્મલાના પિતાએ નાગપુરમમાં સરકારી સ્કૂલમાં નોકરી લગાવી દીધી. ત્યારથી તે ત્યાં જ રહેતા. હવે જતાં તેઓ સાસરિયામાં પરત ફર્યા છે. નિર્મલાએ પોતાના હાથમાં કોતરાવેલું નિશાન બતાવ્યું જે લગ્નના સમયે પતિ માટે બનાવ્યું હતું. આ જોઈ પતિ અને આખો પરિવાર ચોંકી ગયો. નિર્મલા દેવી પોતાના સાસરિયા બરિયાપુર આવતા પહેલા બખ્તિયારપુર પોલીસ સ્ટેશનમાં ગયા હતા અને ત્યાંથી પોતાના પતિ વિશે જાણકારી લીધી હતી. આજે ઘરના આંગણામાં કેટલાય વર્ષો બાદ ખુશીઓ ફરીથી આવી છે. જીવનની અંતિમ વેળાએ તેમના એકલાપણાનો સાથી મળી ગયો.



## સુરતની હૃદય કંપવનારી ઘટના

# પરિણીતાએ પ્રેમી સાથે મળી પતિને પતાવી દીધો

## ઊંઘમાં હતો ત્યારે બીજા માળેથી ફેંક્યો, જીવતો બચી ગયો તો બ્લેડથી ગળું કાપી નાંખ્યું

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના ચોકબજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા વેડરોડ પરની રહેમતનગર સોસાયટીમાં એક હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. દારૂડિયા અને ઝઘડાળુ પતિથી કંટાળેલી પત્નીએ પોતાના પ્રેમી સાથે મળીને પતિની ઘાતકી હત્યા કરી નાખી હોવાનો પર્દાફાશ થયો છે. ઊંઘતા પતિને બીજા માળેથી નીચે ફેંકી દીધા બાદ પ્રેમીએ બ્લેડથી ગળું કાપીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે ગણતરીના દિવસોમાં જ પત્ની અને તેના પ્રેમીને ઝડપી લીધા છે.

પોલીસ ફરિયાદ અનુસાર, મૂળ ઝારખંડનો ૪૨ વર્ષીય જન્મજય તીર્થ રાય પંડોળની રહેમતનગર સોસાયટીમાં તેની પત્ની ચાંદની સાથે રહેતો હતો. અગાઉના લગ્નની વાત છુપાવવા અને કમાણીના પૈસા ઘરમાં ન આપવા મુદ્દે બંને વચ્ચે અવારનવાર ઉગ્ર ઝઘડા થતા હતા. આ દરમિયાન ચાંદનીને ફુલવાડી વિસ્તારમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના શુલભ બહાદુર બંમ નામના યુવક સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. પ્રેમી સાથે આઝાદ થઈને લગ્ન કરવા માટે ચાંદનીએ છેલ્લા ૬ મહિનાથી પતિને રસ્તામાંથી હટાવવાનો કારસો ઘડ્યો હતો.

૭ જૂનના રોજ પણ પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. રાત્રે ૮ વાગ્યે પતિ ઘરે આવીને સૂઈ ગયો હતો. રાત્રે ૧ વાગ્યે પતિ ઘસઘસાટ ઊંઘી જતાં ચાંદનીએ પ્રેમી શુલભને ફોન કરીને બોલાવ્યો હતો. બંનેએ ઊંઘી રહેલા જન્મજયને ઊંચકીને ગેલેરીમાંથી સીધો જ બિલ્ડિંગના બીજા માળેથી નીચે રોડ પર ફેંકી દીધો હતો. ૨૦ મિનિટ પછી નીચે જઈને જોયું તો જન્મજય મર્યો ન હતો અને તરફડિયાં મારી રહ્યો હતો. જો તે જીવી જશે તો ફસાઈ જવાના ડરથી શુલભે દોરા કાપવાની બ્લેડથી તેના ગળાના ભાગે બે ઘા ઝીંકી દીધા હતા, જેનાથી અત્યંત રક્તસ્ત્રાવ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

હત્યા બાદ શાતિર ચાંદનીએ પતિ અગમ્ય કારણોસર નીચે પડી ગયો હોવાની વાર્તા ઘડીને પોલીસને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતમાં ચોકબજાર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા અને વધુ પડતા રક્તસ્ત્રાવથી મોત થયું હોવાનું સામે આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. પીઆઈ એસ. ડી. રાતડા અને પીએસઆઈ જે. આર. તિવારીની ટીમે CCTV ફૂટેજ તપાસતા એક શંકાસ્પદ ઈસમ નજરે પડ્યો હતો. પોલીસે ચાંદનીને વિશ્વાસમાં લઈને આગવી ઢબે પૂછપરછ કરતા તે ભાંગી પડી હતી અને હત્યાની કબૂલાત કરી લીધી હતી. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનાહિત કાવતરું અને હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## નાગપૂરની ઘટના

# એરફોર્સ ઓફિસરની પત્ની પર બળાત્કાર

## બળજબરીથી ધર્મ પરિવર્તનનો પ્રયાસ

**સિટી ન્યૂઝ@નાગપુર**

નાગપુરમાં ભારતીય વાયુસેના (IAF) અધિકારીની ૨૪ વર્ષીય પત્ની પર બળાત્કાર, બ્લેકમેઈલિંગ અને બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવાનો મામલો સામે આવ્યો છે. મુખ્ય આરોપી, અયાઝ તાજ મદારે તેનો પૂર્વ સ્કૂલ ક્લાસમેટ છે.

પીડિતાના જણાવ્યા મુજબ, અયાઝ તેના પર ધાર્મિક મંત્રો બોલતા વિધિઓ કરતો હતો અને ત્યારબાદ તેના પર બળાત્કાર કરતો હતો. ધર્મ પરિવર્તન સંબંધિત એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં અયાઝ તેનો હાથ પકડીને ધાર્મિક મંત્રો બોલતો જોવા મળે છે.

વીડિયોમાં, મહિલા રડતા રડતા કહે છે, "મારો હાથ છોડી દે... મને જવા દે." તે રડી રહી છે અને વિરોધ કરતી જોવા મળે છે, વારંવાર કહે છે, "મને છોડી દે," જ્યારે આરોપી તેના બંને હાથને પકડી રાખે છે. પોલીસે અય્યાઝ મદારે અને તેના એક સાથી અમીન શેખની ધરપકડ કરી છે. અય્યાઝ મહિલાનો ભૂતપૂર્વ ક્લાસમેટ રહ્યો છે. પોલીસ હવે મહિલાનું ધર્મપરિવર્તન કરાવનાર મૌલાનાની શોધ કરી રહી છે. મૌલાનાને શોધવા માટે એક ટીમને મધ્ય પ્રદેશ મોકલવામાં આવી છે.

૨૪ વર્ષની પીડિત મહિલાના પતિ ભારતીય વાયુસેનામાં અધિકારી છે અને બીજા શહેરમાં તહેનાત છે. મહિલા પ્રોપર્ટી ખરીદવા-વેચવાનું કામ કરે છે. ફરિયાદ મુજબ ફેબ્રુઆરી ૨૦૨૫માં તેના ક્લાસમેટ અય્યાઝે પ્લોટ ખરીદવાના બહાને તેનો સંપર્ક કર્યો હતો. આરોપીએ પ્રોપર્ટી ડીલના બહાને તેને હોટલ બોલાવી. ત્યાં નશીલો પદાર્થ પીવડાવીને બળાત્કાર કર્યો અને અશ્લીલ ફોટો-વીડિયો બનાવી લીધા. બાદમાં આ જ વીડિયો દ્વારા તેને બ્લેકમેલ કરવામાં આવી અને લગભગ ૪ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા.

વાયરલ વીડિયોમાં આરોપી અય્યાઝ તાજ મદારે મહિલાનો હાથ પકડીને બળજબરીથી કલમા પઢવા માટે મજબૂર કરતો દેખાય છે. વીડિયોમાં, મહિલા રડતી અને પોતાને છોડાવવાનો પ્રયાસ કરતી જોવા મળે છે. આ વીડિયો હવે આ કેસમાં મહત્વપૂર્ણ ડિજિટલ પુરાવો બની ગયો છે. પોલીસે મહિલાનો મોબાઇલ ફોન પણ જપ્ત કર્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં, આરોપીએ તેને મિલકતના ડીલના બહાને નાગપુરની એક હોટલમાં બોલાવી હતી. ત્યાં તેને નશાયુક્ત પીણું પીવડાવ્યું હતું. એવો આરોપ છે કે બેભાન હાલતમાં તેની સાથે બળાત્કાર કરવામાં આવ્યો હતો.

### ધાર્મિક વિધિ કરી, બળજબરીથી 'કુબુલ હૈ' બોલાવડાવ્યું

મહિલાનો દાવો છે કે ૩૧ મેના રોજ, અયાઝ તેને બળજબરીથી નાગપુર નજીક કાલમેશ્વર લઈ ગયો હતો. ત્યાં તેનો પરિચય અમીન શેખ અને હઝરત મૌલાના સાથે થયો હતો. મૌલાના મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લાના તામિયા ગામના રહેવાસી છે. ફરિયાદ મુજબ, ત્રણેય તેને સુમસામ જગ્યાએ લઈ ગયા. ત્યાં, મૌલાનાએ પીડિતાને ધાર્મિક વિધિઓ કરાવી અને બળજબરીથી 'કુબુલ હૈ' બોલાવડાવ્યું હતું. ત્યારબાદ, તેને કહેવામાં આવ્યું કે ધર્મ પરિવર્તન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને તેના હવે અયાઝ મદારે સાથે નિકાહ થઈ ગયા છે.

## ભારતીય સેનામાં મોટો ફેરફાર

# લિપસ્ટિક, નેલ પોલિશ પર પ્રતિબંધ : જવાનો માટે મૂછની લંબાઈ પણ નક્કી




**સિટી ન્યૂઝ@જયપુર**

ભારતીય સેના માત્ર પોતાની વીરતા માટે જ નહીં, પરંતુ તેના કડક શિસ્ત અને શાનદાર લાઈફસ્ટાઈલ માટે પણ આખી દુનિયામાં જાણીતી છે. સેનામાં યુનિફોર્મ (વર્દી) એ માત્ર એક કપડું નથી, પરંતુ દેશના ગૌરવ અને શિસ્તનું પ્રતીક છે. આ જ ગરિમા અને બદલાતા સમયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, ભારતીય સેનાએ પોતાના જવાનો અને અધિકારીઓના ડ્રેસ કોડમાં કેટલાક બહુ મોટા અને ઐતિહાસિક ફેરફારો કર્યા છે.

સેનાએ તાજેતરમાં જ ૧૭૪ પેજનું નવું આર્મી યુનિફોર્મ મેન્યુઅલ ૨૦૨૬ (Indian Army Uniform Manual ૨૦૨૬) જાહેર કર્યું છે. આ નવા મેન્યુઅલમાં પુરુષ અને મહિલા બંને વિંગ્સ માટે ગ્રૂમિંગ અને પહેરવેશના નિયમોને તદ્દન નવા સિરેથી નક્કી કરવામાં આવ્યા છે. સૌથી ખાસ વાત એ છે કે આ નવા નિયમો દ્વારા બ્રિટિશ શાસન (Colonial Era) ના સમયથી ચાલ્યા આવતા ઘણા જૂના નિયમો બદલી નાખવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ સ્વદેશીને પ્રાથમિકતા આપવામાં આવી છે. જો તમે પણ ભારતીય સેનાનો હિસ્સો બનવાનું સપનું જોતા હોવ અથવા સેનાના નિયમોમાં રસ ધરાવતા હોવ, તો ચાલો આ ફેરફારોને ખૂબ જ સરળ શબ્દોમાં સમજીએ.

નવા મેન્યુઅલમાં મહિલા અધિકારીઓ અને સૈનિકોના વ્યક્તિગત દેખાવ અંગે ખૂબ જ સ્પષ્ટ અને કડક સૂચનાઓ આપવામાં આવી છે. નવી ગાઈડલાઈન્સ મુજબ, ડ્યુટી દરમિયાન મહિલા અધિકારીઓ સાદા રંગની સાડી પહેરી શકે છે. આ સિવાય તેમને દુપટ્ટા સાથે કુર્તા-સલવાર અને એન્કલ-લેન્થ (ઘૂંટી સુધીની લંબાઈ) વાળી સ્ટ્રેટ પેન્ટ પહેરવાની મંજૂરી આપવામાં આવી છે. જોકે, આધુનિક ફેશનના નામે કેટલાક કપડાં પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવાયો છે.

ગાઈડલાઈનમાં સ્પષ્ટ કહેવાયું છે કે પરિણીત મહિલા અધિકારીઓ પોતાની ઈચ્છાથી સિંદૂર લગાવી શકે છે, પરંતુ તે એવી રીતે લગાવેલું હોવું જોઈએ કે માથા પર બેરેટ (Beret) કે પીક કેપ પહેર્યા પછી બહારથી દેખાય નહીં.

સેનાએ પુરુષ સૈનિકોની ગ્રૂમિંગને લઈને પણ કેટલાક મહત્વના નિર્ણયો લીધા છે. હવે સેનામાં મૂછોનો વટ તો રહેશે, પણ શિસ્તના દાયરામાં! નવા નિયમો અનુસાર, મૂછોની મહત્તમ લંબાઈ ૧૨ સેન્ટિમીટર નક્કી કરવામાં આવી છે. આ સિવાય, હવે જવાનો યુનિફોર્મ પહેરીને તીવ્ર સુગંધવાળા ડિયોડ્રન્ટ કે પરફ્યુમનો ઉપયોગ નહીં કરી શકે, કારણ કે તેને સૈન્ય આચરણની વિરુદ્ધ માનવામાં આવ્યું છે. જોકે, તેઓ શેવિંગ કર્યા પછી આફ્ટર-શેવ લોશનનો ઉપયોગ કરી શકશે.

### આ ફેરફારોને સમજવા માટે નીચે આપેલું કોષ્ટક જુઓ

| શું પહેરવાની મંજૂરી છે? (Allowed) | શેના પર પ્રતિબંધ છે? (Not Allowed) |
|---|---|
| સાદા રંગની સાડી | સ્લીવલેસ (બાય વિનાનો) કુર્તો |
| દુપટ્ટા સાથે કુર્તા-સલવાર | પ્લાઝો પેન્ટ |
| એન્કલ-લેન્થ સ્ટ્રેટ પેન્ટ | સિગારેટ પેન્ટ |
| સિંદૂર (પરિણીત મહિલાઓ માટે) | લિપસ્ટિક અને આઈલાઈનર |
| ચહેરા પર સામાન્ય ચમક | રંગીન નેલ પોલિશ અને ભારે મેકઅપ |
| | બિંદી અને નોઝ પિન (નાકની ચૂની) |

# NEETનું પેપર લીક અટકાવવા ટેલિગ્રામ ઉપર પ્રતિબંધ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારત સરકારે NEET-UG ની ફરીથી પરીક્ષાને લઈને ભારતમાં ટેલિગ્રામ મેસેજિંગ એપના ઉપયોગ પર અસ્થાયી પ્રતિબંધ લગાવવાનો આદેશ જારી કર્યો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ મંગળવારે પ્રેસ રિલીઝ જારી કરીને આ માહિતી આપી.

NTAએ જણાવ્યું કે ઇલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય (MeitY) એ સૂચના પ્રૌદ્યોગિકી કાયદો, ૨૦૦૦ ની કલમ ૬૯A હેઠળ ટેલિગ્રામ પર પ્રતિબંધ લગાવ્યો છે. આ પ્રતિબંધ ૨૨ જૂન ૨૦૨૬ સુધી લાગુ રહેશે. NEET રી-એક્ઝામ ૨૧ જૂને થશે.

સરકારે ટેલિગ્રામને પોતાનું મેસેજ એડિટ ફીચર ૩૦ જૂન સુધી બંધ રાખવાનો નિર્દેશ આપ્યો છે. એટલે કે ટેલિગ્રામ પર ભારતમાં પહેલાથી મોકલેલા મેસેજ ૩૦ જૂન સુધી એડિટ નહીં થઈ શકે.




NTA અનુસાર કેટલાક લોકો ટેલિગ્રામનો ઉપયોગ પરીક્ષાઓમાં પેપર લીક થવાના નકલી પુરાવા બનાવવા માટે કરતા રહ્યા છે. આવા કિસ્સાઓને રોકવા અને પરીક્ષાની નિષ્પક્ષતા જાળવી રાખવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

ટેલિગ્રામ પર અસ્થાયી પ્રતિબંધ અને એડિટ ફીચર બંધ NTA એ જણાવ્યું કે તેની ભલામણ પર કેન્દ્ર સરકારે ૨૨ જૂન ૨૦૨૬ સુધી ભારતમાં ટેલિગ્રામની પહોંચ મર્યાદિત કરી દીધી છે. સાથે જ, પહેલાથી પોસ્ટ કરાયેલા સંદેશાઓને એડિટ કરવાની સુવિધા ૩૦ જૂન સુધી બંધ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેથી નકલી પેપર લીકના પુરાવા તૈયાર ન કરી શકાય.

## અમેરિકામાં બોમ્બર વિમાન ક્રેશ 8નાં મોત



**સિટી ન્યૂઝ@કેલિફોર્નિયા**

અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત એડવર્ડ્સ એરફોર્સ બેઝ પર સોમવારે સવારે B-૫૨ બોમ્બર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું. અમેરિકી વાયુસેના અનુસાર વિમાનમાં સવાર તમામ ૮ લોકોના મોત થયા છે. અમેરિકી વાયુસેના અનુસાર વિમાન નિયમિત પરીક્ષણ ઉડાન પર હતું. સવારે લગભગ ૧૧.૨૦ વાગ્યે ટેકઓફના તરત જ બાદ વિમાન નીચે પડ્યું અને તેમાં આગ લાગી ગઈ.

મૃતકોમાં વાયુસેનાના જવાનો અને વિમાન પરીક્ષણ સાથે સંકળાયેલા નિષ્ણાતો શામેલ હતા. હાલમાં દુર્ઘટનાનું કારણ સ્પષ્ટ નથી. અનુમાન છે કે વિમાનના કંટ્રોલ સિસ્ટમ, એન્જિન અથવા ટેસ્ટિંગ કરવામાં આવી રહેલા કોઈ ઉપકરણમાં ખામી આવી હશે. અધિકારીઓએ એ જણાવ્યું નથી કે શું વિમાનમાં હથિયારો હાજર હતા. દુર્ઘટના બાદ એરફિલ્ડ બંધ કરી દેવામાં આવ્યું છે અને આવનારા વિમાનોને બીજા એરબેઝ તરફ મોકલવામાં આવી રહ્યા છે.

બીજી તરફ રશિયાનું Tu-૨૨M૩ બોમ્બર વિમાન સોમવારે સાઇબેરિયાના ઇર્કુત્સ્ક ક્ષેત્રમાં તાલીમ ઉડાન દરમિયાન ક્રેશ થઈ ગયું. રશિયાના સંરક્ષણ મંત્રાલય અનુસાર, વિમાન જમીન તરફ ઝડપથી પડ્યું, જેના કારણે ઘટનાસ્થળે ધુમાડાનો મોટો ગોટો ઉછળ્યો.

## ફર્સ્ટ ટાઈમ 9 મહિલાઓ સૈન્ય ઓફિસર બની



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ઇન્ડિયન મિલિટરી એકેડેમી (IMA)ના સમૃદ્ધ વારસામાં એક ઐતિહાસિક પ્રકરણ ઉમેરાયું છે, કારણ કે ૯૩ વર્ષ જૂની આ લશ્કરી સંસ્થાએ શનિવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની હાજરીમાં ૧૫૮મા નિયમિત અભ્યાસક્રમ અને ૧૪૧મા ટેકનિકલ સ્નાતક અભ્યાસક્રમની પાસિંગ આઉટ પરેડ (POP)માં ૯ મહિલા ઑફિસર કેડેટ્સ (OC)ના પ્રથમ બેચે આર્મી ઑફિસર તરીકે કમિશન મેળવ્યું હતું.

પ્રથમ બેચ નૅશનલ ડિફેન્સ એકેડેમી (NDA)ની તાલીમ પૂરી કર્યા પછી એકેડેમીમાં જોડાયો હતો જે IMAના ઇતિહાસમાં પહેલી વખત હતું. તેઓ ૧૬ દેશોના ૩૪ વિદેશી OC સહિત ૫૧૫ OCમાં સામેલ હતી જે એકેડેમીમાંથી ગ્રેજ્યુએટ થઈને પોતપોતાની સેનામાં જોડાવા માટે સ્નાતક થઈ હતી.

આ ઘટનાને મુખ્ય સીમાચિહનરૂપ ગણાવતાં POPના સમીક્ષા-અધિકારી તરીકે સમારોહનું અધ્યક્ષપદ સંભાળનારાં રાષ્ટ્રપતિ મુર્મુએ IMA સભાને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે 'એકેડેમીમાંથી પ્રથમ મહિલા કેડેટ્સનું પાસિંગ આઉટ થવું એ મહિલા સશક્તીકરણ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. મને આશા છે કે આ આવનારાં વર્ષોમાં ઘણી વધુ યુવતીઓને સેનામાં જોડાવા માટે પ્રેરણા આપશે.

# મેં જીંદગીમાં કીડી પણ મારી નહોતી, પણ ખબર નહીં તે દિવસે મને શું થયુ, બસ પછી જીંદગી મને અહિયાં લઈ આવી

મારી જિંદગીમાંથી અચાનક બંસરી જતી રહેશે! એવી મને ક્યારેય કલ્પના જ નહોતી. મને મારી ડરપોક જાત પર ગુસ્સો અને શરમ આવી રહ્યાં હતાં. બંસરી મારી હતી. એવું હું કોઈને કહી પણ શકતો નહોતો. મારે રડવું હોય, તો પણ એકાંતની જરૂર પડતી હતી. હું અંદરને અંદર મરી રહ્યો હતો. મને અનેક પ્રશ્ન કોરી ખાતા હતા, ત્યાં શું બન્યું હતું? બંસરીએ કેમ આવો નિર્ણય લીધો? તેના જવાબ મારી પાસે નહોતા.

મારા મિત્ર વિરાજને એ વિસ્તારમાં ઘણા લોકો સાથે સંપર્ક હતા. એ સમાચાર લાવ્યો હતો કે, બંસરીનાં જ્યાં બાળ લગ્ન થયાં હતાં ત્યાં તેને વળાવવાની હતી. બંસરીએ પોતાના ભાઈને કહી દીધું હતું કે, હું ગોવિંદને પ્રેમ કરું છું. એટલે એના ભાઈએ તેને ખૂબ મારી હતી. તે રાત્રે જ બંસરીએ પોતાના રૂમમાં લટકી જઈને આત્મહત્યા કરી લીધી હતી.

આ જાણ્યું ત્યારે મને લાગ્યું કે, બંસરીના મોતનું કારણ હું જ છું. હું પોતાને દોષિત માનવા લાગ્યો હતો. બેંકની નોકરીમાં પણ મારું ધ્યાન રહેતું નહોતું. બેંકમાં કોઈપણ છોકરી આવે તો મને લાગતું કે, બંસરી આવી છે. હું કામમાં બેધ્યાન રહેવા લાગ્યો. બેંકના કામમાં ભૂલો થવા લાગી. મારી જિંદગી જાણે નર્ક બની ગઈ હોય તેવું મને સતત લાગ્યા કરતું. મને કંઈ જ સૂઝતું નહોતું.

તે દિવસે હું બજારમાં ખરીદી કરવા નીકળ્યો હતો. હું દુકાનમાં ખરીદી કરી રહ્યો હતો, ત્યારે મારું ધ્યાન ચાની લારી પર પડ્યું. બંસરીનો ભાઈ ત્યાં બેઠો હતો. એનું ધ્યાન મારી તરફ નહોતું. એ એના મિત્રો સાથે ગપાટા મારી રહ્યો હતો. એને જોઈ મને ગુસ્સો આવ્યો. એની બહેન મરી ગઈ, તે વાતની એના પર કોઈ અસર દેખાતી નહોતી. બંસરીનાં મોત માટે એ જ જવાબદાર હતો. મારી અંદર રહેલા ડરપોક માણસે મને પડકાર્યો. તેણે મને કહ્યું, “તું બાયલો છે. આ જ માણસે તારી બંસરીને મારી નાખી છે. અને તું આમ એને જોઈ રહ્યો છે?” અચાનક મને શું થઈ ગયું! એ આજે પણ યાદ નથી. મારું ધ્યાન રસ્તાના કિનારે પડેલી ઈંટ પર પડ્યું. મેં ઈંટ ઉપાડી અને દોડતો એની તરફ ગયો. હું નજીક પહોંચ્યો ત્યારે, મને એણે જોયો ખરો, પણ એ કંઈ સમજે એ પહેલાં જ કચકચાવીને તેના માથા પર ઈંટ ફટકારી દીધી. લોહીનો




ફુવારો ઉડ્યો અને એ ત્યાં જ ઢળી પડ્યો.


એ હિંમતનગરનો ડોન હતો. મેં તેને ભર બજારે માર્યો હતો. પણ માર્યા પછી હું ખૂબ ગભરાઈ ગયો અને મુઠ્ઠી બંધ કરીને ભાગી ગયો. મેં જે કર્યું તેની ગંભીરતાની મને કલ્પના જ નહોતી. હું એ દિવસે ઘરે નહોતો ગયો. લગભગ અડધો કલાક પછી મને વિરાજનો ફોન આવ્યો. એ ખૂબ ગભરાયેલો હતો. એણે મને પૂછ્યું, “ગોવિંદ તે આ શું કરી નાખ્યું?”

તેણે મને કહ્યું, “બંસરીનો ભાઈ મરી ગયો.”

બામણનો દીકરો ખૂન કરે! એ વાત કોઈ માનવા જ તૈયાર નહોતું. હું પાંચ સાત દિવસ ભાગતો રહ્યો. પછી વિરાજે પોતાની ઓળખાણ લગાવી મને પોલીસ સ્ટેશનમાં હાજર કર્યો. ત્યાં મેં જોયું તો પોલીસ સ્ટેશનમાં જુદો જ માહોલ હતો. મારી સાથે કોઈ ખરાબ વ્યવહાર કરતું નહોતું. બધા મને કંઈક જુદી જ નજરથી જોતા હતા. જેનું કારણ મને પછી ખબર પડી કે, મેં ડોનનું મર્ડર કર્યું હતું.

મારા બાપા ખૂબ દુખી હતા. તેમણે તો પોલીસ સ્ટેશન આવવાની જ ના પાડી. પહેલાં તો એ માનવા જ તૈયાર નહોતા કે, હું કોઈને લાફો પણ મારી શકું! બેંકનો સ્ટાફ પણ કહેતો હતો કે, મહારાજ આવું કરે જ નહીં; પણ મેં ખૂન કર્યું હતું એ હકીકત હતી. મને હિંમતનગર જેલમાં લઈ જવામાં આવ્યો. ખૂન કરીને આવનાર કેદીનું જેલમાં પણ એક અલગ સ્ટેટસ હોય છે. બે વર્ષ હિંમતનગર જેલમાં રહ્યો મારો કેસ ચાલી ગયો અને કોર્ટે મને જન્મટીપની સજા ફટકારી. ત્યાંથી હું અમદાવાદ જેલ ગયો. અમદાવાદ જેલમાં જોબલા દાદા નામનો એક કેદી હતો. જેલના પૈસાદાર કેદીઓને ત્રાસ આપી ખંડણી ઉઘરાવતો હતો. આખી જેલમાં એનું કોઈ નામ ન લે. તેના નેતાઓ સાથેના સંબંધ હોવાને કારણે જેલ પોલીસ પણ તેને સલામ ભરતી હતી. એક દિવસ મેં જોયું તો, જોબલો એક કેદીને ફટકારી રહ્યો હતો. કારણ એવું હતું કે, તેણે જોબલાના કપડાં ધોવાની ના પાડી હતી. હું ત્યાં ગયો. મેં જોબલાને સમજાવતાં કહ્યું, “ભાઈ, મારીશ નહીં એને.” એણે તો મને લાફો મારી દીધો! બસ, બીજી વખત પિત્તો ગુમાવ્યો અને એનો હાથ જ તોડી નાખ્યો.”

ગોવિંદ થોડો રોકાયો અને ગોપાલ સામે જોઈને કહ્યું, “કદાચ તારે એને



**પ્રશાંત દયાળ**

મળવાનું થશે. જોબલાને માર્યો એટલે મારી જેલ બદલી કરીને અહીં પાલનપુર જેલમાં મોકલી દેવામાં આવ્યો. પહેલાં બહાર મને લોકો ડોન સમજવા લાગ્યા હતા. જેલમાં જોબલાને માર્યો એટલે જેલમાં પણ લોકો મને ડોન સમજવા લાગ્યા.”

પછી તેણે ગોપાલને પૂછ્યું, “તું મને ગમે છે, તેનું કારણ ખબર છે?”

ગોપાલે માથું હલાવી ના પાડી. ગોવિંદે કહ્યું, “હું પહેલાં તારા જેવો જ સીધો અને ડરપોક હતો. હું જ્યારે તને જોઉં છું, ત્યારે મને મારી જૂની જિંદગી યાદ આવે છે.”

સલીમે પૂછ્યું, “બાપુજીની નારાજગી દૂર થઈ કે નહીં?”

સવાલ સાંભળતાં જ ગોવિંદની આંખો બંધ થઈ ગઈ. થોડીવાર શાંત રહ્યા પછી કહ્યું, “હું ખૂની છું. એ વાત તેઓ સ્વીકારી શક્યા જ નહીં. તેમને બહુ આઘાત લાગ્યો. એ વાત તેમના મન પર હાવી થઈ ગઈ હતી. હું પકડાઈ ગયો પછી તેમણે ગોરપાદું છોડી દીધું. એટલુ જ નહીં, ઘરના મંદિરમાં પણ દીવો કરવાનું બંધ કરી દીધું. મને જ્યારે સજા થઈ, ત્યારે તેઓ બીજો આઘાત સહન ન કરી શક્યા. મારી સજાના હુકમ પછી ત્રણ જ મહિનામાં તેમને હાર્ટએટેક આવ્યો. દેવ થઈ ગયા. મારે એમની પાસે બેસીને આખી વાત કહેવી હતી અને માફી માગવી હતી. અફસોસ! કુદરતે મને એવો મોકો આપ્યો જ નહીં! પહેલાં બંસરી અને પછી બાપા ગયા. આ બે મોતેને કારણે હું સ્વભાવે આકરો થઈ ગયો. મને દુખની પણ અસર નથી થતી અને સુખનો આનંદ પણ થતો નથી. જેલમાંથી રજા મળે ત્યારે હિંમતનગર જાઉં છું. હવે લોકો મને ડોન માને છે. ડોનની આંખમાં પણ આંસુ આવે. એવું તમે બંનેએ પહેલી વખત જોયું હશે.”

ગોવિંદે ઘડિયાળ સામે જોયું. રાતના ત્રણ વાગી રહ્યા હતા. ગોવિંદે કહ્યું, “ચાલો સૂઈ જઈએ.”

ગોપાલે પૂછ્યું, “ભાઈ, ઊંઘ આવશે?”

ગોવિંદે તેની સામે જોયું અને કહ્યું, “કદાચ આજે જ સારી ઊંઘ આવશે. કારણ, આજ સુધી મેં મારી અને બંસરીની વાત કોઈને કહી નહોતી.”

આટલું બોલતાં ગોવિંદ ઊભો થઈ ગયો અને પોતાના બિસ્તર પર ગયો. ગોપાલ અને સલીમ બંને આડા પડ્યા. બંનેની આંખો ખુલ્લી જ હતી. તેમની નજર કદાચ બેરેકની છતમાંથી કોઈ પ્રકાશ અંદર આવે એની રાહ જોઈ રહી હતી. ગોપાલની તો હજી આંખ મળી જ હતી, ત્યાં કોઈ તેને ઉઠાડી રહ્યું હોય એવું લાગ્યું. એણે આંખ ખોલી તો જેલનો સિપાહી સામે હતો. સિપાહીએ કહ્યું, “ઘોડા વેચીને ઊંઘવા આવ્યો છે? ચાલ, ગણતરીમાં બેસી જા.”

ગોપાલે ગોવિંદના બિસ્તર તરફ જોયું. એ હજી ઘસઘસાટ ઊંઘતો હતો; પણ સિપાહીની હિંમત નહોતી કે, તે ગોવિંદને લાત મારીને ઉઠાડે.

(ક્રમશ)







# રાજુલાના ખેરામાં યુવકના પિતાનું અપહરણ અને પોલીસ પર હુમલો

## » પ્રેમસંબંધની અદાવતમાં યુવતીના પરિવારે યુવકના પિતાને બાંધીને ઢોર માર માર્યો

## » અપહરણકર્તાઓના ચુંગાલમાંથી મુક્ત કરાવવા ગયેલી પીપાવાવ મરીન પોલીસ પર હુમલો

**સિટી ન્યૂઝ@રાજુલા**

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દરિયાકાંઠાના ખેરા ગામમાં મોડી રાત્રે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ડહોળતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રેમસંબંધની અદાવતમાં એક યુવકના પિતાનું અપહરણ કરીને તેમને નિર્દયતાપૂર્વક માર મારવામાં આવ્યો હતો. આટલું જ નહીં, પરંતુ જાણ થતાં તેમને બચાવવા ગયેલી પોલીસ ટીમ પર પણ હુમલો કરવામાં આવતા PSI સહિત ૪ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ખેરા ગામમાં એક પ્રેમસંબંધના મામલે વિવાદ ચાલતો હતો. આ બાબતની અદાવત રાખીને યુવતીના પરિવારજનોએ યુવકના પિતા દેવશી ગુજરીયાનું મોડી રાત્રે અપહરણ કરી લીધું હતું. આરોપીઓ દેવશી ગુજરીયાને કોઈ એક સ્થળે લઈ જઈને દોરડાથી બાંધીને બેરહેમીથી ઢોર માર મારી રહ્યા હતા. આ ગંભીર ઘટનાની બાતમી પીપાવાવ મરીન પોલીસને મળતા જ PSI કે. ડી. હડિયા પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પોલીસ ટીમે જ્યારે ઉશ્કેરાયેલા લોકોના સકંજામાંથી દેવશી ગુજરીયાને બચાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે યુવતીના પક્ષના લોકોએ પોલીસ ટીમ પર જ ઘાતક હુમલો કરી દીધો હતો. આ હુમલામાં બચાવ કામગીરી કરી રહેલા PSI કે. ડી. હડિયા તેમજ તેમની સાથેના પોલીસ કર્મચારીઓ ચંપુ પોપટ, અક્ષય મોરી અને મગન ધાપાને ઈજાઓ પહોંચી હતી.

હુમલામાં ઘાયલ થયેલા ચારેય પોલીસ કર્મચારીઓ અને યુવકના પિતા દેવશી ગુજરીયાને તાત્કાલિક સારવાર અર્થે રાજુલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. રાજ્યના સરકારી કર્મચારીઓ પર ફરજ દરમિયાન થયેલા આ હિંસક હુમલાના પગલે અમરેલી પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોઈને DySP નયના ગોરડીયા સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો હોસ્પિટલે પહોંચ્યો હતો.

આ હુમલા અને અપહરણના સંદર્ભે કુલ ૬ ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. આ સમગ્ર ઘટના ૨ અલગ-અલગ વિસ્તારમાં ઘટી હોવાથી પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન અને રાજુલા પોલીસ સ્ટેશન એમ બંને મથકોમાં ફરજમાં રુકાવટ, રાયોટિંગ તેમજ અપહરણ સહિતની વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોંડલના મોટા દડવા ગામે વ્યાજખોરોનો આતંક, પરિણીતાની સાડી ખેંચી હુમલો

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલના મોટા દડવા ગામે રહેતા ૬૩ વર્ષીય વૃદ્ધ વેપારીએ વ્યાજખોર તરીકે જીજ્ઞેશ વિનુ જાદવ, અજય હરેશ પરમાર અને જીજ્ઞેશ મનસુખ પરમાર (ત્રણેય રહે. મોટા દડવા, ગોંડલ) નું નામ આપતાં આટકોટ પોલીસે મનીલેન્ડ એક્ટ, નિર્લજ્જ હુમલો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ તેમના પુત્ર સાથે કરિયાણાની દુકાન ચલાવે છે. સંતાનમાં બે દિકરા તથા એક દિકરી છે. ગઈ તા. ૧૪/૦૬/૨૦૨૧ ના તે દુકાને હતાં ત્યારે બપોરના ૧૨ વાગ્યે દિકરો દુકાને આવી વાત કરેલ કે,  આપણા ગામના જીતેશ જાદવ, જીજ્ઞેશ પરમાર, અજય પરમાર આપણા ઘરે આવેલ હતા. ત્યારે પત્ની ઘરે એકલા હોય જેથી જીજ્ઞેશ જાદવે પત્નીને કહેલ કે, તારો પતિ ક્યાં છે ? મારે તેની પાસેથી રૂ.૯ લાખ લેવાના છે. જેથી પત્નીએ કહેલ કે, તે હાલ ઘરે નથી, તો જીજ્ઞેશ જાદવે પત્નીનું બાવડુ પકડી સાડી ખેંચી હતી. જેથી પત્ની રાડો પાડવા લાગતા ત્રણેય ઘરેથી જતા રહેલ હતા. બાદમાં પત્નીએ ફોન કરીને ઘરે બોલાવી બનાવ અંગે જાણ કરી હતી. જે બાદ વૃદ્ધ અને તેમનો પુત્ર બપોરના ૩ વાગ્યે દુકાને હાજર હતા ત્યારે ત્રણેય શખ્સો એક બાઈકમાં દુકાને પાઈપ-ધોકા લઈ ઘસી આવેલ હતા. દિકરાએ અગાઉ જીજ્ઞેશ જાદવ પાસેથી રૂ.૨ લાખ માસિક ૫% લેખે વ્યાજે લીધેલ હોય અને તેમને વ્યાજ સહિત રૂ.૩ લાખ પરત કરી દીધેલ હોય તેમ છતા ત્રણેય કહેવા લાગેલ કે, તમારા દિકરા પાસેથી હજુ રૂ.૯ લાખ લેવાના છે, જે આપતો નથી તો, તમે દુકાન ખાલી કરીને જતા રહો.જેથી જીજ્ઞેશ જાદવને કહેલ કે, ભાઈ તમારા રૂપિયા મારા દિકરાએ વ્યાજ સહિત પરત કરી દિધેલ છે, તો હવે શેની ઉઘરાણી કરો છો? તો ત્રણેય ઉશ્કેરાઇ ગયેલ અને ગાળો આપી દુકાનમાં તોડફોડ કરવા લાગેલ હતા. ત્રણેય શખ્સોએ બે કાચની બરણી, એક પાણીનો જગ તોડી નાખેલ હતો. જીજ્ઞેશ જાદવે દિકરાને છુટી ઈંટનો ઘા કરતા પીઠના ભાગે વાગેલ હતો. દરમિયાન નાના ભાઈનો પરિવાર દોડી આવતા ત્રણેય શખ્સો નાસી ગયેલ હતા. જતા જતા જીજ્ઞેશ જાદવ કહેતો ગયેલ કે, તમારા દિકરાને કહી દેજો કે, મારા રૂપિયા પરત આપી દે નહીતર જ્યાં મળશે ત્યા તેને પુરો કરી નાખીશું.  જે અંગેની ફરીયાદ પરથી આટકોટ પોલીસે ગુનો નોંધી ત્રણેય શખ્સોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# પારડીમાં છરીના હુમલામાં ઘાયલ મહિલાનું મોત, કેસ હત્યામાં પલટાયો

**સિટી ન્યૂઝ@પારડી**

પારડીમાં પાંચ દિવસ પહેલાં થયેલા છરીના હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલી ૩૭ વર્ષીય જુબેદા અયુબ ગુડદીનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. ઘટનાને પગલે શાપર પોલીસે અગાઉ નોંધાયેલા હત્યાના પ્રયાસના ગુનામાં હવે હત્યાની કલમનો ઉમેરો કર્યો છે.પોલીસ તપાસ મુજબ, જુબેદાએ આરોપી પ્રવિણ પરમાર સાથેના સંબંધો તોડી પતિ અયુબ પાસે પરત જતાં પ્રવિણ રોષે ભરાયો હતો. ત્યારબાદ પ્રવિણ અને તેના પુત્રએ જુબેદા પર છરીના આડેધડ ઘા ઝીંક્યા હતા. હુમલામાં મહિલાને પેટ સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને લાંબી સારવાર છતાં તેને બચાવી શકાચી નહોતી. બનાવ બાદ બંને આરોપીઓ ફરાર થઈ ગયા છે અને તેમની શોધખોળ ચાલુ છે.

# કસ્ટમર કેરના નંબર પર કોલ કરતાં 1.93 લાખ ઉપડી ગયા

**» ટોપલેન્ડ કંપનીના માર્કેટિંગ મેનેજરે એપ ડાઉનલોડ કરતા જ મોબાઈલ હેક થઈ ગયો**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ઉમાકાંત પંડિત ઉદ્યોગનગર પાસે આવેલી ટોપલેન્ડ નામની કંપનીના માર્કેટિંગ મેનેજરે રીફંડ પરત મેળવવા માટે લખનઉની કંપનીના કસ્ટમર કેરના નંબર ગુગલ પરથી મેળવી કોલ કરતાં ૧.૯૩ લાખનું ફ્રોડ થયું હતું. જે અંગે માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

જયંત કજી સોસાયટીમાં રહેતા અશોષભાઈ જોશીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેની કંપનીએ લખનઉની માયનોર ઈરીગેશન નામની કંપનીને મશીનરી સપ્લાય કરી હતી. જેની ડીપોઝીટની રકમ મેળવવા માટે તે કંપનીના કસ્ટમર કેરનો નંબર ગુગલ પર સર્ચ કર્યો હતો. તેમાંથી મળેલા નંબર પર સંપર્ક કરતાં સામેથી એક એપ ડાઉનલોડ કરવાનું કહેવાયું હતું. ત્યાર બાદ વોટ્સએપ નંબર પરથી કોલ આવ્યો હતો. જેમાં માયનોર ઈરિગેશન કંપનીમાંથી બોલતા હોવાનું જણાવી ફરિયાદ રજીસ્ટર કરવા માટે એપ મોકલી હતી. જે ડાઉનલોડ કરવાનું કહેતાં તેમ કર્યું હતું. તે સાથે જ તેનો ફોન હેક થઈ ગયો હતો. આ પછી તેના બેંક ખાતામાંથી ૯૭ હજાર અને ૯૬ હજાર ઉપડી ગયા હતા તે સાથે જ ફ્રોડ થયાની જાણ થતાં સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર ઉપર કોલ કર્યો હતો. જેના આધારે માલવીયાનગર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# પેટ્રોલ પુરાવવાના મામલે ફિલરમેન પર છરીથી હુમલો, ધમકી આપી ફરાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**




શહેરના ભાવનગર રોડ પર ચુનારવાડ ચોક નજીકના ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પર ગત રવિવારે મોડી રાત્રે નંબર પ્લેટ વગરના સફેદ કલરના એક્સેસ મોપેડ પર આરીફ અને મોઈન નામના બે શખ્સો પેટ્રોલ પુરાવવા માટે આવ્યા હતા. પંપ પર ફરજ બજાવતા કર્મચારી કાર્તિક અશોકભાઈ સાગઠીયાએ નોઝલની સમયમર્યાદા ૭સેકન્ડ પૂરી થઈ જતાં નોઝલ પરત સ્ટેન્ડમાં મૂકી દીધી હતી. જેથી બન્નેએ કર્મચારી સાથે ઝઘડો કરી જ્ઞાતિપ્રત્યે હડધૂત કરવા લાગ્યો હતો.જે બાદ કર્મચારી પોતાનો જીવ બચાવવા પંપની ઓફિસમાં મેનેજર વનરાજભાઈ ગોહેલ પાસે દોડી ગયો હતો. મેનેજરે મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો,પરંતુ મોઈને છરી સાથે ધસી આવી કર્મી પર છરીથી હુમલો કરી બંને આરોપીઓ હવે પછી તમે કેમ પેટ્રોલ પંપ ચાલુ રાખો છો અમે જોઈ લેશું તેવી જાનથી મારી નાખવાની ધમકી આપીને ફરાર થઈ ગયા હોવાની પંપના માલિક રતનસીંહ મેઘજીભાઈ પરમારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

# મોરબીના ઘૂનડા રોડ પરથી 40 વર્ષીય પારુલ દેત્રોજા લાપતા

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી શહેરમાંથી એક ૪૦ વર્ષીય મહિલા લાપતા થયા હોવાની વિગતો સામે આવી છે. ઘૂનડા રોડ પર રહેતા પારુલ સંજય દેત્રોજા કોઈ અગમ્ય કારણોસર ગુમ થતા પરિવારજનોએ ભારે ચિંતા સાથે તેમની શોધખોળ હાથ ધરી છે અને જાહેર જનતા પાસે મદદની ભાવભીની અપીલ કરી છે. લાપતા મહિલાની ઓળખ આપતા પરિવારે જણાવ્યું છે કે, પારુલ દેત્રોજાની ઉંમર ૪૦ વર્ષ છે. તેમનો શારીરિક બાંધો મધ્યમ છે અને ચામડીનો રંગ ઘઉંવર્ણો છે. તેઓ મોરબીના ઘૂનડા રોડ પર આવેલા ફ્લેટ નંબર ૧૧ (પિન કોડ 363641) ના રહીશ છે. પરિવાર દ્વારા સગા-સંબંધીઓ અને અન્ય તમામ સંભવિત જગ્યાઓએ તેમની સઘન શોધખોળ કરવામાં આવી



રહી છે, પરંતુ હજુ સુધી તેમનો કોઈ પત્તો મળ્યો નથી. પરિવારજનો ભારે તણાવમાંથી પસાર થઈ રહ્યા છે, જેથી જાહેર જનતાને નમ્ર અપીલ છે કે જો કોઈને પારુલ દેત્રોજા વિશે માહિતી મળે કે ક્યાંય જોવા મળે, તો તાત્કાલિક પરિવારના સભ્ય સંજય (90990 59108) અથવા જગદીશ (98252 43562) નો સંપર્ક કરવા વિનંતી છે. આપની નાની માહિતી પણ પરિવારને મોટી મદદ કરી શકે છે.




# રાજકોટમાં વૈદિક મહાસભા દ્વારા ભવ્ય વેદ મહોત્સવ યોજાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

**» પ્રમુખસ્વામી ઓડિટોરિયમમાં ધર્મપ્રેમીઓનો મહેરામણ ઉમટ્યો, ઈશાવાસ્ય ઉપનિષદના પુસ્તકનું વિમોચન**

રાજકોટના પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે વૈદિક મહાસભા દ્વારા આયોજિત 'વેદ મહોત્સવ' અતિ ભવ્યતા સાથે સંપન્ન થયો હતો. આ મહોત્સવમાં વિશાળ સંખ્યામાં ધર્મપ્રેમી લોકો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમમાં સ્વામિનારાયણ સંપ્રદાયના ત્યાગવલ્લભ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તેમની સાથે સાંસદ પુરુષોત્તમ રૂપાલા, પૂર્વ ધારાસભ્ય પ્રવીણ માકડીયા, ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ વી. પી. વૈષ્ણવ, જળક્રાંતિ ટ્રસ્ટના મનસુખ સુવાગિયા, હરિસિંહ સુચરીયા, ગોવિંદ ખુંટ, મહેશ ભોરણીયા, દેવજી પડસુમિયા, ધનજી આર્ય, નટવરસિંહ પરમાર અને વૈજ્ઞાનિક ડૉ. જે. જે. રાવલ સહિતના મહાનુભાવોએ સળંગ ૪ કલાક સુધી જ્ઞાનસભાનું શ્રવણ કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે 'ઈશાવાસ્ય ઉપનિષદ' ના ગુજરાતી ભાષાંતરનું વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યાગવલ્લભ સ્વામીએ માત્ર પ્રવચનો સાંભળવાને બદલે જ્ઞાનને આચરણમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. મુખ્ય વક્તા અધ્યેતા સુરેશચંદ્ર આર્યએ 'વ્યવહારમાં વેદ' પર માર્ગદર્શન આપતાં જણાવ્યું કે માત્ર મંદિરે જવા કરતા હનુમાનજીના ચારિત્ર્ય, વિવેકબુદ્ધિ અને સ્વામીભક્તિમાંથી પ્રેરણા લઈ માનવતા જાળવવા 'વેદ તરફ પાછા વળવું' જોઈએ. સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ યુવાનોને 'વેદ તરફ પાછા વળો' સૂત્ર અપનાવી સમાજ ઉપયોગી જીવન બનાવવા હાકલ કરી હતી. પર્યાવરણ જાળવણી માટે તેમણે સ્વજનોના અસ્થિ ગંગામાં પધરાવવાના બદલે તેમના નામે એક વૃક્ષ વાવી તેમાં અસ્થિ પધરાવવાનું પ્રેરક સૂચન કર્યું, જેને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. પ્રવચન બાદ શ્રોતાઓના પ્રશ્નોનું શાસ્ત્રોક્ત સમાધાન કરાયું હતું. મહોત્સવમાં વૈદિક ધરોહરનું સચિત્ર પ્રદર્શન, સાહિત્યનું વેચાણ અને વેદોની પ્રતિકૃતિ સાથેનો સેલ્ફી પોઈન્ટ વિશેષ આકર્ષણ રહ્યા હતા. કાર્યક્રમમાં જાહેરાત કરાઈ હતી કે દર રવિવારે સવારે ૧૦ થી ૧૧ નૂતન નગર હોલ પાછળ અધ્યેતાના નિવાસસ્થાને વૈદિક સત્સંગ ચાલે છે. સમગ્ર મંચ સંચાલન દીપિકા પરમાર અને અજય ઢોલરીયાએ કર્યું હતું. અંતમાં વાલજી ઢોલરીયાના આભાર દર્શન અને શાંતિપાઠ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# સાંઢિયા પુલ ખુલવા છતાં ST મુસાફરોની ઉઘાડી લૂંટ

## » ટ્રાફિક ACP ને ફરિયાદ બાદ ડાયવર્ઝન બંધ કરી બસો પુલ પર દોડાવાઈ

## » ભાડું ન ઘટાડવા બાબતે લોક સંસદ વિચાર મંચની મુખ્યમંત્રીને ફરિયાદની ચીમકી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં ૭૪.૩૨ કરોડના ખર્ચે નવનિર્મિત સાંઢિયા પુલ ૧૩ જૂનના રોજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. પરંતુ, આ પુલ શરૂ થવા છતાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (ST) ની ઘોર બેદરકારી અને મુસાફરોને લૂંટવાની નીતિ સામે આવી છે. લોક સંસદ વિચાર મંચના દિલીપ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, ઇન્દુભા રાઓલ, નાગજી વિરાણી, નટુભા ઝાલા, પ્રવીણ જોશી અને પ્રતાપ વાળાએ આ મુદ્દે તંત્ર સામે આકરા પ્રહારો કર્યા છે.

લોક સંસદ વિચાર મંચના આગેવાનોના જણાવ્યા મુજબ, પુલ ખુલ્લો મુકાયા બાદ પણ મોરબી, ભુજ, જામનગર અને દ્વારકા તરફ જતી ૪૦૦ થી વધુ એસટી બસોને સાંઢિયા પુલ પરથી ચલાવવાના બદલે ત્રિકોણબાગ અને કિશાનપરા ચોક થઈને જૂના ડાયવર્ઝન રૂટ પર જ ચલાવવામાં આવતી હતી. આના કારણે શહેરમાં ટ્રાફિક અને પ્રદૂષણ વધતું હતું. આખરે ગજેન્દ્રસિંહ ઝાલાએ ટ્રાફિક ACP ને ફરિયાદ કરી, ત્યારબાદ જ પોલીસની સૂચનાથી ડાયવર્ઝન રૂટ બંધ કરી બસો સાંઢિયા પુલ પરથી શરૂ કરવામાં આવી હતી.

જ્યારે ડાયવર્ઝન રૂટ ચાલુ હતો ત્યારે ૩ કિલોમીટર જેટલું અંતર વધતા એસટી દ્વારા મુસાફરો પાસેથી ૩ રૂપિયા જેટલું વધારાનું ભાડું વસૂલવામાં આવતું હતું. હવે જ્યારે બસો સીધી



સાંઢિયા પુલ પરથી પસાર થઈ રહી છે, ત્યારે અંતર ઘટવા છતાં ભાડું ઘટાડવામાં આવ્યું નથી. નિયમિત અપડાઉન કરતા મુસાફરોને રોજના ૬ રૂપિયા વધુ ચૂકવવા પડે છે. રોજની ૪૦૦ બસોમાં મુસાફરી કરતા હજારો લોકો પાસેથી એસટી તંત્ર દ્વારા લાખો રૂપિયાની ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે.

આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે, અગાઉ મે ૨૦૨૩ માં કલેક્ટરના અધ્યક્ષસ્થાને ભાડું ઘટાડવા અંગે એસટીના વિભાગીય નિયામકને ૨૯ મેના રોજ લેખિત આદેશ કરાયો હતો. તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતાં મુસાફરો વિના કારણે લૂંટાઈ રહ્યા છે. ડાયવર્ઝન શરૂ થતાં જ રાતોરાત ભાડું વધારનાર તંત્ર હવે ભાડું ઘટાડવામાં ઠાગાઠૈયા કરી રહ્યું છે. ઉદઘાટનમાં હાજર રહેલા પ્રજાના પ્રતિનિધિઓ પણ આ લૂંટ સામે મૌન છે. જો તાત્કાલિક ભાડું નહીં ઘટાડાય અને જવાબદારો સામે પગલાં નહીં લેવાય, તો લોક સંસદ વિચાર મંચ દ્વારા મુખ્યમંત્રીને સીધી ફરિયાદ કરવામાં આવશે.

# રાજકોટના કિસાન આગેવાનોએ મધરાતથી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી રેલી સફળ બનાવી

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત ખેડૂત એસોસિએશનના આગેવાનો ગજેન્દ્રસિંહ ઝાલા, ભુપત કાકડીયા, દીપક લીંબાસીયા અને રમેશ હાપલીયાની સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, ગઈકાલે ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે ખેડૂતોનો સ્વયંભૂ આક્રોશ ભભૂક્યો હતો. ખેડૂતોના પ્રશ્નો માટે લડત ચલાવતા આ આગેવાનોએ અમદાવાદના શાંતિપુરા સર્કલથી શરૂ થયેલી ટ્રેક્ટર રેલીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય નહીં અને રેલી વ્યવસ્થિત રીતે ગાંધીનગર પહોંચે તે માટે તેઓ મધરાતથી જ શાંતિપુરા સર્કલ ખાતે હાજર રહી ટ્રાફિક નિયમનમાં સહભાગી બન્યા હતા. ગુજરાત ખેડૂત એસોસિએશનના પ્રમુખ ભરતસિંહ ઝાલાએ સ્પષ્ટતા કરી છે કે આ વિશાળ રેલી સાથે કાર્યક્રમો કે આંદોલન પૂર્ણ થતાં નથી. વીજપોલના ગંભીર મુદ્દે સરકાર સ્પષ્ટ નીતિ બનાવે અને વીજ કંપનીઓની દલાલી કરવાનું બંધ કરે તેવી તેમની




ઉગ્ર માંગ છે. ખેડૂતોની કનડગત બંધ નહીં થાય ત્યાં સુધી લડત ચાલુ રહેશે અને આગામી દિવસોમાં જાહેર થનાર દરેક કાર્યક્રમમાં ખેડૂતો સક્રિય સહકાર આપશે. આ ઐતિહાસિક રેલીની વિશેષતા એ રહી કે તેમાં ખેડૂતો માટે કોઈ ફૂડ પેકેટ કે આવવા-જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી નહોતી. કોઈને પણ જોડાવા માટે ધાક-ધમકી કે લોભામણી જાહેરાતો કરાઈ નહોતી. આમ છતાં, હજારોની સંખ્યામાં ખેડૂતો પોતાના સ્વખર્ચે અને સ્વયંભૂ રીતે રેલીમાં જોડાયા હતા. જગતના તાતે પોતાની અખંડ એકતા અને તાકાતનું પ્રદર્શન કરીને સરકારમાં બેઠેલા કુંભકર્ણોને જગાડવાનો સચોટ પ્રયાસ કર્યો છે.

# VHP દ્વારા બાબા બુઢ્ઢા અમરનાથ યાત્રાનું આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ, સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સાહસિક અને આધ્યાત્મિક 'બાબા બુઢ્ઢા અમરનાથ યાત્રા' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર યાત્રા આગામી ૧૬ ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન યોજનાર છે, જેમાં જોડાવા માટે સૌરાષ્ટ્રભરના ધર્મપ્રેમીઓને આહવાન કરવામાં આવ્યું છે. આયોજકોની વિગતો મુજબ, સૌરાષ્ટ્રમાંથી જોડાનાર તમામ શ્રદ્ધાળુઓએ ૨૦ ઓગસ્ટની સાંજ સુધીમાં જમ્મુના યાત્રિક ભવનમાં ફરજિયાત પહોંચવાનું રહેશે. ત્યારબાદ ૨૧ ઓગસ્ટની વહેલી સવારે યાત્રા પ્રસ્થાન કરશે. માર્ગમાં પવિત્ર સ્થળોના દર્શન બાદ ૨૩ ઓગસ્ટની સાંજે બાબા બુઢ્ઢા અમરનાથના દર્શન સાથે યાત્રા પૂર્ણ થશે. યાત્રા દરમિયાન માર્ગમાં વિવિધ સ્થળોએ સાધુ-સંતો દ્વારા યાત્રાળુઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા યાત્રાળુઓના નિવાસ અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ સંભાળવામાં આવશે. સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેર-ઠેર વિશાળ લંગર (પ્રસાદ) ની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. યાત્રાળુઓની સુવિધા માટે એસી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રા સંવેદનશીલ વિસ્તારમાંથી પસાર થતી હોવાથી ભારતીય સેના અને સુરક્ષા દળોના જવાનોનો મોટો કાફલો યાત્રિકોની સુરક્ષા માટે તૈનાત રહેશે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓના યુવા કાર્યકર્તાઓ, માતૃશક્તિ અને ધર્મપ્રેમીઓને આ પવિત્ર યાત્રામાં વધુમાં વધુ સંખ્યામાં જોડાવા અપીલ કરવામાં આવી છે. આ યાત્રામાં જોડાવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે કાર્યાલય પ્રમુખ વિનોદ ટીલાવત (93741 18437), યાત્રા સંયોજક અમિત જાદવાણી (82003 43995) અને સહ-સંયોજક વિપુલ અગ્રાવત (88492 63535) નો સંપર્ક કરી શકાશે.

# ફ્રોડના 53 લાખ જમા લેનાર બે સામે સાયબર ક્રાઈમમાં ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ગૌતમનગરમાં રહેતા મનજીત શશીકાંત ભીમજીયાણી વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે સાયબર ક્રાઈમ પોલીસ મથકના એએસઆઈ વિવેક કુછડીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, એક્સિસ બેંકના ખાતાધારક મનજીતના ખાતામાં અલગ-અલગ રાજ્યોમાં થયેલી ૧૫ અરજીના કુલ ૫૩ લાખ કે જે સાયબર ફ્રોડના હતા તે જમા થયા હતા જેથી મનજીતની પુછપરછ કરતાં જણાવ્યું કે પોતાનું ખાતું ગેમિંગના અને ફ્રોડના નાણાં જમા કરાવવા માટે કમિશનથી ટેલિગ્રામના એક યુઝરને પત્ની મોસમીના નામના ત્રણ બેંક આપ્યું હતું. જેના બદલામાં તેને ૩૦ હજારનું કમિશન મળ્યું હતું. એટલું જ નહીં તેણે પોતાના અને એકાઉન્ટ પણ તે જ ટેલિગ્રામના યુઝરને ભાડે આપ્યા હતા. જેના બદલામાં તેને ૯૦ હજાર કમિશન મળ્યું હતું. જોકે સાયબર ક્રાઈમ પોલીસે તેની પત્નીને આરોપી બનાવી નથી. મનજીત ઉપરાંત તેની પાસેથી બેંક ખાતું ભાડે લેનાર ટેલિગ્રામના યુઝરને આરોપી બનાવ્યા છે. સાયબર ક્રાઈમ પોલીસના સુત્રોએ જણાવ્યું કે તપાસ કરતા ટેલિગ્રામના આ યુઝરે બીજા અનેક લોકોના ખાતા પણ સાયબર ફ્રોડની રકમ જમા કરાવવા માટે કમિશનથી ભાડે લીધાની માહિતી મળી છે.

# રાજકોટમાં જગન્નાથજીની રથયાત્રાની તૈયારીઓ શરૂ, 30 મીએ જળયાત્રા

## શહેર પોલીસ કમીશ્નરના હસ્તે જળાભિષેક થશે

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નાનામૌવા ગામ ખાતે આવેલ કૈલાસધામ આશ્રમ ભગવાન જગન્નાથ મંદિરમાં આગામી તા. ૧૬-૭-૨૦૨૬ અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીનો ઉત્સવ ભવ્યથી ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ દિવસે નીજ મંદિરથી ભગવાન જગન્નાથજી ભવ્ય રથમાં બીરાજમાન થઈ નગરચર્યાએ નીકળશે, આ રથયાત્રની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ માટે આયોજન બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે. ભગવાન જગન્નાથજી, બહેન શુભદ્રાજી અને ભાઈ બલરામજીના રથને રંગ રોગાન તથા મંદીર પરીસરમાં સાફ સફાઈ કરવામાં આવી રહી છે. આગામી તા.૩૦-૦૬ને મંગળવારના રોજ સવારે ૮:૩૦ વાગ્યે જલયાત્રા નીકળશે જેમાં બહેનો અને બાળાઓ નાનામવા ગામના કુવેથી પાણી ભરીને વાજતે ગાજતે નીજ મંદિરમાં લાવશે. અને એ પાણીથી ભગવાન જગન્નાથજીનો જળાભિષેક કરવામાં આવશે. આ જળાભિષેક વિધી રાજકોટ શહેર પોલીસ કમીશ્નર બ્રિજેશ ઝા સાહેબના હસ્તે કરવામાં આવશે તેમ મંદિરના મહંત ત્યાગી મનમોહનદાસજી ગુરૂ રામકિશોરદાસજીની યાદીમાં જણાવાયું છે.

# સ્વ. વિજયભાઈ રૂપાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે દેવપરામાં શ્રદ્ધાંજલિ સભા

## દેશભક્તિ અને ભક્તિગીતો થકી ભાવભીની સ્વરાંજલિ અપાઈ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટનાં પનોતા પુત્ર અને રાજકોટવાસીઓ ના હૈયે હરહંમેશ વસેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણી સાહેબની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ગઈ તા.૧૩ નાં વોર્ડ નં.૧૬ માં દેવપરા કોઠારીયા મેઈનરોડ શહેર ભાજપનાં પીઢ આગેવાન રમેશભાઈ ઉંધાડ (ભાઈજી) દ્વારા એક શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ભકિત અને દેશભક્તિનાં ગીતો દ્વારા રૂપાણી સાહેબને સ્વરાંજલી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અંજલીબેન રૂપાણી, ઋષભભાઈ રૂપાણી સહિત સમસ્ત રૂપાણી પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. તદુપરાંત ડો. વલ્લભભાઈ કથીરિયા, કાશ્મીરાબેન નથવાણી, બીનાબેન આચાર્ય, વલ્લભભાઈ દુધાત્રા, રાજદીપસિંહ જાડેજા, નિર્લોકભાઈ પરમાર,પરેશભાઈ પોપટ, લાલભાઈ હુંબલ ઉપરાંત અલગ અલગ વોર્ડનાં કોર્પોરેટરો અને ભાજપનાં પદાધિકારીઓ સહિતનાં અનેક મહાનુભાવોએ મોટી સંખ્યામાં હાજરી આપીને સ્વ.વિજયભાઈને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

# સુરેન્દ્રનગરમાં વસ્તી ગણતરીમાં તુષારકુમાર હાલાણીનું સન્માન

## શેખપર ગામના બ્લોક 104 ની કામગીરી સૌપ્રથમ પૂર્ણ કરવા બદલ કલેક્ટરના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરાયું

સિટી ન્યૂઝ@
મુકેશ ખખ્ખર સુરેન્દ્રનગર



વસ્તી ગણતરી-૨૦૨૭ની રાષ્ટ્રીય કામગીરી અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં મૂળી તાલુકાના શેખપર ગામના બ્લોક નં. ૧૦૪ની તમામ કામગીરી સમગ્ર જિલ્લામાં સૌથી પ્રથમ પૂર્ણ કરવામાં આવી છે. આ ભગીરથ કાર્ય સમયસર અને અત્યંત ચોકસાઈપૂર્વક પૂર્ણ કરવા બદલ શ્રી હાલાણી તુષારકુમાર મનસુખલાલનું સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર શ્રી જી.એચ. સોલંકી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મૂળી મામલતદારશ્રીની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં કલેક્ટરશ્રીએ પ્રમાણપત્ર એનાયત કરી કામગીરીને બિરદાવી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.
વસ્તી ગણતરી જેવા અત્યંત મહત્વપૂર્ણ, જટિલ અને જવાબદારીભર્યા સરકારી કાર્યમાં શ્રી તુષારકુમારે દાખવેલી અસાધારણ નિષ્ઠા અને કર્તવ્યપરાયણતા બદલ જિલ્લા વહીવટી તંત્ર તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌપ્રથમ બ્લોકની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરીને તેમણે જે જવાબદારીપૂર્ણ યોગદાન આપ્યું છે, તે જિલ્લાના અન્ય કર્મચારીઓ માટે પણ સમયપાલન અને નિષ્ઠાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# શહેર યુવા ભાજપ અગ્રણી શૈલેષ ડાંગરનો આજે જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ શહેર યુવા ભાજપ અગ્રણી શૈલેષ ડાંગરનો આજે જન્મદિવસ છે. શૈલેષ ડાંગર રાજકોટ શહેર ભાજપ અગ્રણી હરિભાઈ ડાંગર(બાપલીયા) તેમજ રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૩ના પૂર્વ કોર્પોરેટર જયાબેન હરિભાઈ ડાંગરના સુપુત્ર છે. રાજકોટ શહેર ભાજપના કાર્યકર્તા તરીકે ત્યારથી લઈ તેઓ આજદિન સુધી સક્રિય રહી લોકસેવાની ફરજ બજાવી રહ્યા છે. રાજકીય ક્ષેત્રે સક્રિય રહી લોકસેવામાં રહેલા શૈલેષભાઈ ડાંગર સમાજનો વિકાસ થાય તેની નેમ લઈ સામાજિક ક્ષેત્રે પણ ટ્રસ્ટી-ધ્રોલ આહિર કન્યા છાત્રાલય, ટ્રસ્ટી-ગુણાતીત ગરબી મંડળ તથા પૂર્વ ઉપપ્રમુખ આહિર બોર્ડિંગ રાજકોટ,પૂર્વ ટ્રસ્ટી-આહિર સમાજ સમૂહ લગ્ન સમિતિ રાજકોટ જેવી અનેક સંસ્થાઓના ટ્રસ્ટી તરીકે તેમજ દેવાયતબાપા બોદર વીર સપૂત આહિર સમાજ રાજકોટના સભ્ય તરીકે પણ કાર્યરત છે. તેમના જન્મદિવસ નિમિતે મો.નં.૯૯૭૪૩ ૪૩૬૪૩ પર શુભેચ્છાઓ મળી રહી છે.

# રામપરા(નવાગામ)માં જળસંચયનો હુંકારઃ ગીરગંગા જળસંચય જાગૃતિ બેઠક સંપન્ન

## ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રોકીને જળસ્તર ઉંચા લાવવા દિલીપભાઈ સખીયાનું આહવાન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના રામપરા(નવાગામ) ગામે જળસંચયના ઉમદા હેતુ સાથે તાજેતરમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા એક ભવ્ય જળસંચય જાગૃતિ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના જાગૃત સરપંચ અને ગ્રામજનોને જળશક્તિનું મહત્વ સમજાવવા અને આગામી સમયમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે પાયાની ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિલીપભાઈ સખીયાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે, એ માત્ર કુદરતી સંપત્તિ નથી, પણ આપણી આવનારી પેઢીનું ભવિષ્ય છે. જો આપણે આજે 'ગામનું પાણી ગામે અને સીમનું પાણી સીમમાં' રોકવાનો સંકલ્પ નહીં કરીએ, તો ભવિષ્યમાં ખેતી અને પશુપાલન માટે ગંભીર સંકટ ઉભું થશે.

શ્રી દિલીપભાઈ સખીયાએ નિર્દેશ કર્યો હતો કે, વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે ખેત તલાવડી, બોર રિચાર્જ અને ચેકડેમ જેવા માધ્યમો અપનાવવા અનિવાર્ય છે. જમીનમાં પાણીના તળ ઊંચા આવશે, ત્યારે જ સૌરાષ્ટ્ર અને ગુજરાત સાચા અર્થમાં સમૃદ્ધ બનશે. જળસંચય એ કોઈ વ્યક્તિગત કાર્ય નથી, પણ એક સામાજિક જવાબદારી છે અને સમૂહશક્તિ દ્વારા જ આપણે આ જળસંચયને સફળ બનાવી શકીશું.

આ બેઠકમાં ગામના સરપંચ શ્રી બાબુભાઈ બાબરિયા, માજી. સરપંચ શ્રી રાધવજીભાઈ ત્રાગીયા, ભીખુભાઈ મારૂ, મુકેશભાઈ સોલંકી, મોહનભાઈ બાબરિયા, કમલેશભાઈ ડીએચા, નવનીતભાઈ આહીર (લોકસાહિત્યકાર) કિશોરભાઈ મારું, ભયલાભાઈ ખભાયતા, જેઠાભાઈ કનારા, ભીખુભાઈ જાધવ સહિતના મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોમાં જળસંચય પ્રત્યે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને સૌએ સાથે મળીને પાણી બચાવવા તેમજ જમીનમાં ઉતારવા માટેના પ્રયત્નોમાં સહભાગી થવાનો કોલ આપ્યો હતો.

# રામાનંદી યુવા સમાજ દ્વારા સત્કાર સમારંભ યોજાયો

## 700 થી વધુ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડા આપીને સમારંભ યોજાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટમાં સમસ્ત રામાનંદી યુવા સમાજ દ્વારા રામાનંદી સાધુ સમાજના પરિવારો માટે ૧ ભવ્ય અને પ્રેરણાદાયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત ૧૪-૦૬-૨૦૨૬ ના રોજ બપોરે ૩:૩૦ કલાકે ભાવનગર રોડ પર અમુલ સર્કલ પાસે આવેલા સેવા ભારતી ભવન ખાતે વિદ્યાર્થી સત્કાર સમારંભ તથા નિશુલ્ક ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે સમગ્ર આયોજન માટે પ્રમુખ રવિરાજ રામાવત અને ઈન્ચાર્જ હિતેશ રામાવતની આગેવાની હેઠળ યુવા સમાજની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ વિશેષ સત્કાર સમારંભમાં શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ ૧ થી ૧૨ માં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષણની સાથે સાથે રામાનંદી સાધુ સમાજમાં સ્ત્રી સશક્તિકરણને વેગ મળે અને મહિલાઓ પોતાના ક્ષેત્રમાં આગળ વધી સમાજનું નામ રોશન કરે તેવા શુભ આશયથી માતૃ શક્તિ વંદના કાર્યક્રમ પણ યોજાયો હતો. આ અંતર્ગત પોતાના ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવતી સમાજની પ્રેરણાદાયક મહિલાઓ જેવી કે રસિલાબેન વૈષ્ણવ, કથાકાર દિવ્યાબેન સાધુ, પલકબેન નિમાવત અને સ્નેહાબેન અગ્રાવતને મંચ પરથી 'નારી રત્ન એવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આગામી સમયમાં સમાજમાં મહિલાઓના ઉત્કર્ષ માટે નક્કર કામગીરી કરી શકાય તે હેતુથી ૧ વિશેષ ટીમની પણ નિમણૂક કરવામાં આવી હતી.

સમગ્ર સમારંભ રામાનંદી સમાજના આદરણીય સંતો અને મહંતોની પાવન અધ્યક્ષતામાં ખૂબ જ ધાર્મિક અને શિસ્તબદ્ધ માહોલમાં સંપન્ન થયો હતો.

આ પ્રસંગે ૧૦૦૮ મહામંડલેશ્વર લલીત કિશોર શરણજી, મેંદરડાના ૧૦૦૮ મહામંડલેશ્વર સુખરામદાસ બાપુ અને રાજકોટ જગન્નાથ મંદિરના ૧૦૦૮ મહામંડલેશ્વર ત્યાગી મનમોહનદાસજીએ ખાસ હાજરી આપી લોકોને આશીર્વચન પાઠવ્યા હતા. તેમની સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના હાર્દિક નિમ્બાર્ક, કોર્પોરેટર રસિલાબેન વૈષ્ણવ અને યુવા કથાકાર દિવ્યાબેન સાધુ સહિતના મહાનુભાવો મંચ પર ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓનો જુસ્સો વધાર્યો હતો.



# રાજકોટ ડિવિઝનના ટ્રેક મેન્ટેનર અશોક કુમારને જીએમ સેફ્ટી એવોર્ડ

## વેલ્ડ ફ્રેક્ચરવાળા ટ્રેક પરથી પસાર થતી માલગાડીને રોકી મોટો અકસ્માત ટાળ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક રામાશ્રય પાંડે દ્વારા મુંબઈ હેડક્વાર્ટર ખાતે રાજકોટ ડિવિઝનના હાપા મુખ્ય મથકના ટ્રેક મેન્ટેનર ગ્રેડ-૧ અશોક કુમારને તેમની ઉત્કૃષ્ટ અને સતર્ક કામગીરી માટે 'મહાપ્રબંધક સેફ્ટી પુરસ્કાર' (GM Safety Award) એનાયત કરવામાં આવ્યો છે. અશોક કુમારની આ કર્તવ્યનિષ્ઠા અને સમયસૂચકતાને બિરદાવતા રાજકોટના ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાએ પણ તેમને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા અને તેમની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

આ સન્માન તેમને પોતાની ફરજ દરમિયાન એક મોટી દુર્ઘટના ટાળવા બદલ આપવામાં આવ્યું છે. ૨૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ જામનગર-લાખાબાવળ સેક્શનમાં કી-મેન તરીકે પેટ્રોલિંગ કરતી વખતે અશોક કુમારે રેલવે ટ્રેકમાં એક મોટું વેલ્ડ ફ્રેક્ચર જોયું હતું. તેમણે પરિસ્થિતિની ગંભીરતા સમજીને પોતાની કોઠાસૂઝ વાપરી અને સામેથી આવતી માલગાડીને લાલ ઝંડી બતાવીને સમયસર રોકી દીધી હતી. ત્યારબાદ જુનિયર એન્જિનિયરને જાણ કરી તાત્કાલિક સમારકામ કરાવીને ટ્રેનને સુરક્ષિત રીતે પસાર કરાવી, એક મોટો સંભવિત અકસ્માત ટાળ્યો હતો.

# રાજકોટમાં જગદીશ વિશ્વકર્મા દ્વારા સ્વ.જનક કોટકને શ્રદ્ધાંજલિ અર્પણ

» **ભાજપ પ્રદેશ અધ્યક્ષે શોકગ્રસ્ત પરિવારની મુલાકાત લઈ સાંત્વના પાઠવી**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ રાજકોટ ખાતે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા સ્વ. જનકભાઈ કોટકના નિવાસસ્થાને પરિવારજનોની મુલાકાત લીધી હતી. આ મુશ્કેલ અને દુખની ઘડીમાં તેમણે શોકગ્રસ્ત પરિવારના સભ્યોને મળીને સાંત્વના પાઠવી હતી.



વિશ્વકર્માએ જણાવ્યું છે કે, સ્વ. જનકભાઈ કોટક પક્ષના એક નિષ્ઠાવાન અને પાયાના નેતા હતા, જેઓ જનસંઘના સમયથી લઈને આજ સુધીની ભાજપની ભવ્ય યાત્રાના સાક્ષી રહ્યા હતા. પક્ષના સંગઠનને મજબૂત કરવામાં અને વિચારધારાને લોકો સુધી પહોંચાડવામાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. રાષ્ટ્ર અને પક્ષ પ્રત્યેનું તેમનું આજીવન સમર્પણ અને યોગદાન ભારતીય જનતા પાર્ટી ક્યારેય નહીં ભૂલે.

# સ્વ.જનકભાઈ કોટકના અવસાનથી ભાજપે જનસંઘ અને વિચારધારાના વાહક ગુમાવ્યા: અનિરુધ્ધભાઈ દવે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પ્રદેશ ભાજપના સૌરાષ્ટ્ર ઝોનના મહામંત્રી અને રાજકોટ મહાનગરના પ્રભારી અનિરુદ્ધભાઈ દવેએ રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ મેયર અને જનસંઘના વરિષ્ઠ નેતા સ્વ. જનકભાઈ કોટકના નિધન પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમણે શોકગ્રસ્ત કોટક પરિવારને સાંત્વના પાઠવતા જણાવ્યું હતું કે, જનકભાઈનું અચાનક અવસાન એ રાજકોટ ભાજપ માટે ન પૂરી શકાય તેવી મોટી ખોટ છે અને પક્ષે એક નખશિખ પ્રમાણિક તથા તપસ્વી રાજપુરુષ ગુમાવ્યા છે. બાલ્યકાળથી જ રાષ્ટ્રવાદ અને રામ મંદિરના સંકલ્પ સાથે આરએસએસ તથા જનસંઘમાં જોડાયેલા જનકભાઈએ ૧૯૬૭માં ચીમનભાઈ શુક્લને ધારાસભ્ય બનાવવામાં અને ૧૯૮૦માં ભાજપની સ્થાપના બાદ પક્ષનો વ્યાપ વધારવામાં અથાક પરિશ્રમ કર્યો હતો. કોર્પોરેશનમાં વિવિધ હોદ્દાઓ પર રહીને પણ તેમણે હંમેશા સંવેદનશીલતા દાખવી લોકોના પ્રશ્નો ઉકેલ્યા હતા. તેમની આ નિષ્ઠા અને સેવાની સુવાસ રાજકોટના કાર્યકર્તાઓના હૃદયમાં હંમેશા જીવંત રહેશે.





# જનકભાઈ કોટકના અચાનક અવસાનથી રાજકોટ ભાજપને મોટી ખોટ: મુકેશ દોશી

શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી એ જનસંઘ ના વરિષ્ઠ આગેવાન અને શહેર ના પૂર્વ મેયર જનકભાઈ કોટક ને શ્રધ્ધાંજલી પાઠવતા જણાવ્યું હતું કે જનસંઘ અને ભારતીય જનતા પાર્ટી ને વટવૃક્ષ બનાવવામાં જનકભાઈ કોટક નો મહત્વનો ફાળો રહ્યો છે પૂર્ણ કાલીન કાર્યકર્તા તરીકેથી જાહેર જીવનની શરૂઆત કરનાર જનકભાઈ કોટક એક નીડર અને નિખાલસ નેતૃત્વ પ્રસ્થાપિત કર્યું હતું. આવા મહાપુરુષ ની અચાનક વિદાયથી ભાજપ અને રાજકોટની જનતાને મોટી ખોટ પડી છે અંત માં જનકભાઈ કોટક ને શ્રધ્ધાંજલી પાઠવતા શહેર ભાજપ ના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી એ જણાવ્યું હતું.

# જનકભાઈ કોટકે ભાજપને વટવૃક્ષ બનાવવામાં અથાક પરિશ્રમ કર્યો છે: ગોવિંદભાઈ પટેલ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્ય સરકારના પૂર્વ મંત્રી વિધાનસભા ૭૦ના પૂર્વ ધારાસભ્ય અને જુના જનસંઘી ગોવિંદભાઈ પટેલ એ શહેર ના પૂર્વ મેયર અને ભાજપના વરિષ્ઠ આગેવાન જનકભાઈને શ્રધ્ધાંજલી પાઠવતા જણાવ્યું હતું કે જનકભાઈ કોટક ના અચાનક અવસાન થી રાજકોટ શહેર ભાજપ એ એક મીસાવાસી અને જનસંઘી ગુમાવ્યા છે ત્યારે તેમના પરિવાર જનો ઉપર આવી પડેલ દુખ ને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા સહન કરવાની શક્તિ આપે. જનકભાઈ કોટક એ પોતાની યુવાની થી લઈ આજ સુધી હંમેશા ભારતીય જનતા પાર્ટીના એક સૈનિક તરીકે કાર્ય કર્યુ છે તેઓ એ ક્યારેય પદ નું અભિમાન કર્યું નથી એટલે જ જનકભાઈ કોટક એ પદ થી નહીં પરંતુ, કદ થી નેતૃત્વ ના ગુણ પ્રાપ્ત કર્યા હતા કટોકટી ના સમયે જેલવાસ ભોગવી એક મક્કમ મનોબળ સાથે રાજનીતિ ની શરૂઆત કરી હતી આમ અંતમાં ગોવિંદભાઈ પટેલે જણાવ્યું હતું.

# ગુજરાતી ફિલ્મ સરગમને દર્શકોનો જંગી પ્રતિસાદ, 4 સ્ક્રીન હાઉસફુલ

## મેહુલ રવાણીની જહેમતથી આયોજિત કાર્યક્રમમાં ફિલ્મની ટીમને ઉષ્માભર્યો આવકાર મળ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી ફિલ્મ 'સરગમ' પ્રત્યે દર્શકોનો ઉત્સાહ દિવસેને દિવસે વધી રહ્યો છે અને તેને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. ભાવ, ભરોસો અને ભાઈબંધીના સુંદર સંબંધોને ઉજાગર કરતી આ ફિલ્મ આજે દર્શકોના દિલમાં વિશેષ સ્થાન બનાવી ચૂકી છે. તાજેતરમાં "સોમવાર સરગમવાર" ના અનોખા આયોજન અંતર્ગત સિનેપોલિસ ખાતે ૮૦૦ થી વધુ દર્શકોએ એકત્રિત થઈને ફિલ્મ સરગમ અને તેના કલાકારોને હૃદયપૂર્વક વધાવી લીધા હતા. દર્શકોના આ અભૂતપૂર્વ પ્રતિસાદને કારણે સિનેપોલિસની ચારેય સ્ક્રીન સંપૂર્ણપણે હાઉસફુલ રહી હતી.




આ ખાસ પ્રસંગે ફિલ્મના લેખક અને મુખ્ય અભિનેતા હર્ષલ માંકડ હેયાન, અભિનેતા હર્ષિત ઢેબર અને નિર્માતા યોગીરાજસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે દિગ્દર્શક નીલેશ ચોવટીયા, ક્રિએટિવ હેડ ઉદય જાદવાની તેમજ અન્ય કલાકારો ચેતસ ઓઝા, ભાવિક દોષી, હર્ષ ગઢિયા અને યજ્ઞેશ મહેતાએ પણ હાજરી આપી હતી. દર્શકોએ તમામ કલાકારો અને ટીમના સભ્યોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને તેમની સાથે યાદગાર ક્ષણો માણી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અરિહંત ઈન્વેસ્ટમેન્ટના મેહુલ રવાણીએ વિશેષ જહેમત ઉઠાવી હતી, જેના માટે ફિલ્મ ટીમે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

સિનેપોલિસ ખાતે ચારેય સ્ક્રીન હાઉસફુલ થવી અને એકસાથે ૮૦૦ થી વધુ દર્શકોની હાજરી એ સાબિત કરે છે કે સરગમ આજે ગુજરાતી સિનેમાની એક માઈલસ્ટોન ફિલ્મ બની રહી છે. લોકો તેને માત્ર મનોરંજન માટે જોઈ જ નથી રહ્યા, પરંતુ દિલથી અપનાવી પણ રહ્યા છે. દર્શકોનો એક જ અવાજ બની ગયેલી આ ફિલ્મને મોટા સમૂહમાં જોવા માટે બલ્ક બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રસ ધરાવતા દર્શકો બલ્ક બુકિંગ માટે ૭૯૮૪૮ ૨૧૦૪૪ નંબર પર સંપર્ક કરી શકે છે.

# રાજકોટ કોર્ટમાં 20 જૂને વકીલો માટે મેડિકલ કેમ્પનું આયોજન

## દિલિપ પટેલના માર્ગદર્શન હેઠળ વકીલોના સ્વાસ્થ્ય માટે વિશેષ પહેલઃ ખ્યાતનામ નિષ્ણાતો દ્વારા વકીલો, જ્યુડિશિયલ ઓફિસરો અને સ્ટાફનું કરાશે નિદાન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં બાર એસોસિએશન, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય દિલિપ પટેલના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્રના વકીલ મંડળના ઈતિહાસમાં સૌપ્રથમવાર એક નિશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આગામી ૨૦ જૂન ૨૦૨૬, શનિવારના રોજ સવારે ૯:૩૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડીંગના પ્રથમ માળે આવેલા રાજકોટ બાર એસોસિએશનના બાર રૂમમાં યોજાશે. આ મેડિકલ કેમ્પ ખાસ કરીને રાજકોટના તમામ વકીલો, જ્યુડિશિયલ ઓફિસરો અને કોર્ટના સ્ટાફ માટે આયોજિત કરવામાં આવ્યો છે. વકીલાતના



વ્યવસાયમાં સતત માનસિક અને શારીરિક તણાવ વચ્ચે કામ કરતા લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને આ સુંદર પહેલ કરવામાં આવી છે. અદાલતના પરિસરમાં જ આટલા મોટા પાયે નિષ્ણાત તબીબો દ્વારા તપાસ કરવામાં આવતી હોય તેવી આ પ્રથમ ઘટના હોવાથી વકીલોમાં ભારે ઉત્સાહ છે. આ કેમ્પમાં એમડી મેડિસિન, ગેસ્ટ્રોલોજીસ્ટ, જનરલ સર્જન, સાયકિયાટ્રિસ્ટ,



ગાયનેકોલોજીસ્ટ, ડર્મેટોલોજીસ્ટ, ડેન્ટિસ્ટ, ફિઝિયોથેરાપિસ્ટ અને આંખના નિષ્ણાત સહિતના ખ્યાતનામ તબીબો પોતાની નિસ્વાર્થ સેવાઓ આપશે. આ તમામ નિષ્ણાતોની એકસાથે સેવાઓનો લાભ લેવા માટે અગાઉથી ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે, જેના માટે લાયબ્રેરીમાં તુષાર ચૌહાણનો રૂબરૂ સંપર્ક કરીને નામ નોંધાવી શકાશે.



# રેલવે કર્મચારી સી. પી. ચાપાણીએ 1.5 લાખની સોનાની ચેઈન પરત કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ફરજ બજાવતા મુખ્ય ટિકિટ નિરીક્ષક (CTI) સી. પી. ચાપાણીએ પોતાની પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને રેલવે પરિવારનું ગૌરવ વધાર્યું છે. ટ્રેન નંબર ૨૨૯૨૩ બાંદ્રા ટર્મિનસ-- જામનગર હમસફર એક્સપ્રેસમાં ટિકિટ ચેકિંગ દરમિયાન મધરાતે ૧ વાગ્યાની આસપાસ તેમને B-૨ કોચમાંથી આશરે ૧.૫ લાખ રૂપિયાની કિંમતની સોનાની ચેઈન પડેલી મળી હતી. તેમણે તાત્કાલિક કંટ્રોલ ઓફિસને જાણ કરી હતી અને સવારે આ કોચમાં મુસાફરી કરી રહેલા ૬૧ વર્ષીય સિનિયર સિટિઝન મનસુખભાઈને યોગ્ય ઓળખ અને પુરાવાની ખાતરી કર્યા બાદ આ કિંમતી ચેઈન સુરક્ષિત રીતે પરત સોંપી દીધી હતી. મુસાફર મનસુખભાઈએ મુખ્ય ટિકિટ નિરીક્ષકનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.





# યોગ દિવસ પૂર્વે સોમેશ્વર મંદિરે ધ્યાન શિબિરનું આયોજન

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ તૈયારી રૂપે 17 થી 19 જૂન સુધી આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આગામી ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વિશ્વભરમાં ઉજવણી થવા જઈ રહી છે. આ ઉજવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે રાજકોટના સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર માર્ગ નં ૨ પર આવેલા સુપ્રસિદ્ધ સોમેશ્વર મહાદેવ મંદિરે ૩ દિવસીય ધ્યાન યોગ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિર ૧૭ થી ૧૯ જૂન ૨૦૨૬ સુધી સળંગ ૩ દિવસ સવારે ૬:૩૦ થી ૭:૦૦ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં હાર્ટફુલનેસના નિષ્ણાત લલિત ચંદે શિબિરાર્થીઓને ધ્યાન યોગની સાચી પદ્ધતિઓનું માર્ગદર્શન આપી ધ્યાન કરાવશે.

સામાજિક અગ્રણી રાજુ જુંજાએ જણાવ્યું કે, ધ્યાન યોગ મન, શરીર અને આત્માને સંતુલિત રાખવાનું શક્તિશાળી સાધન છે. નિયમિત ધ્યાનથી મન શાંત રહે છે, એકાગ્રતા વધે છે અને સકારાત્મકતાનો સંચાર થાય છે. આ માત્ર આંખો બંધ કરવાની ક્રિયા નથી, પરંતુ અંતરાત્મા સાથે જોડાવાનો માર્ગ છે.

દરેક વ્યક્તિએ વ્યસ્ત જીવનમાંથી ધ્યાન માટે સમય ફાળવવો જોઈએ. આ ૩ દિવસીય નિશુલ્ક શિબિરમાં બહોળી સંખ્યામાં જોડાવા આયોજકોએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

# શ્રીનાથધામ હવેલીમાં 400 વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ ખાતે VYO શ્રી નાથધામ હવેલીમાં વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ વ્રજરાજકુમારજી મહોદય દ્વારા ૪૦૦ થી પણ વધુ વૈષ્ણવોને "બ્રહ્મસંબંધ દીક્ષા" આપી.

VYO શ્રીનાથધામ હવેલીમાં તારીખ ૧૪/૦૬/૨૦૨૬ રવિવારના રોજ વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ વ્રજરાજકુમારજી મહોદય દ્વારા અધિક માસ દરમ્યાન ઠાકોરજી સમક્ષ ૪૦૦ થી પણ વધુ વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી. વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી પૂજ્યના આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી હતી. પૂજ્ય એ વચનામૃતના માધ્યમથી વૈષ્ણવોને માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું.

# માર્કેટ અપડેટ્સ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| TURTLEMINT FINTECH SOLUTIONS | 19/6 | 23/6 | 144 - 152 | 98 | 14,896 |
| ADVIT JEWELS | 23/6 | 25/6 | 130 - 138 | 100 | 13,800 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HORIZON RECLAIM (INDIA) | 12/6 | 16/6 | 98 - 103 | 2400 | 2,47,200 |
| LEAPFROG ENGINEERING SERVICES | 17/6 | 19/6 | 21 - 23 | 12000 | 2,76,000 |
| LIOTECH INDUSTRIES | 17/6 | 19/6 | 321 | 800 | 2,56,800 |
| DIKSHA POLYMERS | 17/6 | 19/6 | 112 | 2400 | 2,68,800 |
| CLAY CRAFT INDIA | 17/6 | 19/6 | 193 - 203 | 1200 | 2,43,600 |
| AVIENCE BIOMEDICALS | 18/6 | 22/6 | 196 - 208 | 1200 | 2,49,600 |
| RIYAASAT LIFESTYLE | 18/6 | 22/6 | 102 - 108 | 2400 | 2,59,200 |
| ANUBHAV PLAST | 19/6 | 23/6 | 77 - 80 | 3200 | 2,56,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- એમ્બેસી ડેવલપમેન્ટ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ મુંબઈના વરલીમાં તેના લેન્ડમાર્ક અલ્ટ્રા-લક્ઝરી રહેણાંક વિકાસ - એમ્બેસી સિટાડેલ માટે લાઈટન એશિયા (સીઆઈએમઆઈસી ગ્રુપનોનો ભાગ) માટે રૂ.૮૫૦ કરોડનો મુખ્ય બાંધકામ કોન્ટ્રાક્ટ મળ્યો છે.
- શ્રીરામ ઈપીસી લિ.એ જણાવ્યું છે કે કંપનીને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિ. (સેઈલ) - આઈઆઈએસસીઓ સ્ટીલ પ્લાન્ટ (આઈએસપી), બર્નપુર પાસેથી તેના ૪.૦૮ એમટીપીએ ક્રૂડ સ્ટીલ વિસ્તરણ પ્રોજેક્ટ માટે રૂ.૬૭૩.૩૨ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- રેલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.ને મ્યુનિશન્સ ઈન્ડિયા લિ. પાસેથી રૂ.૧૫,૭૭,૯૯,૫૯૭ નો ઓર્ડર મળ્યો છે.
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ જણાવ્યું છે કે કંપનીની ટેક્નલોજી આર્મ જિયો પ્લેટફોર્મ્સ (જેપીએલ)એ વર્લ્ડ ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી ઓર્ગનાઈઝેસન (ડબ્લ્યુઆઈપીઓ) દ્વારા હાલમાં જાહેર કરાયેલા પેટન્ટ કો-ઓપરેશન ટ્રીટી (પીસીટી) રેંકિંગમાં કંપની વૈશ્વિક ટોચના ૨૦માં સ્થાન મેળવ્યું છે.
- અદાણી એન્ટરપ્રાઈઝીસ લિ. અને જબિલ ભારતમાં એઆઈ ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ બનાવવા માટે એક વ્યૂહાત્મક જોડાણનું લક્ષ્ય ધરાવે છે.
- પટેલ એન્જિનિયરિંગ લિ.ને મહારાષ્ટ્રમાં ટાસગાવ લિફ્ટ ઈરિગેશન સ્કીમ માટે રૂ.૧૨૬.૩૭ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- યુનાઈટેડ ડ્રિલિંગ ટૂલ્સ લિ.ને મેસર્સ ટ્રાઈડેન્ટ ઈસ્ટ લિમિટેડ, રશિયા પાસેથી નિકાસ ઓર્ડર મળ્યો છે.
- ભારત ફોર્જ લિ.એ જણાવ્યું હતું કે કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ લિમિટેડે યુરોસેટરી ૨૦૨૬ ખાતે માઉન્ટેડ આર્ટિલરી ગનની શ્રેણીનું અનાવરણ કર્યુ છે.
- વારી એનર્જીસ લિ.ને અગ્રણી ગ્રાહક પાસેથી સોલાર મોડ્યુલ્સની સપ્લાય માટેનો ઓર્ડર મળ્યો છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**